# કીસ્સે આતશબેહેરાંમેં

# નવસારી.



યાને

હાલનાં વખતમાં એ આતશબેહેરાંમની માલકી

વીશે ઉઠેલી ભાંજગડનો ખુલ્લાસો.

૪૭૬૬

૩

અંજુમનમાં એવો ઠેડાવ થયો કે, દેશાઇ બરજોરજીનાં છોકરાઓએ, અંજુમનને અપમાંન કીધુંચ એટલુંજ નહીં, પણ એ અપમાંન આતશબેહેરાંમ શાહેબની સામે કીધું છે, માટે એક વખત આપણી અંજુમનમાંથી આપણા અકાબર દેશાઇજી શાહેબ એદલજી બહમનજીને અને દશતુર નશરવાનજી કેકોબાદજીને એઓનાં તરફ મોકલીને એઓને સમજુત આપવી. એ ઠેડાવથી ઉપલા બંને શાહેબોએ જઇને તેઓને ઘણીવાતે સમજાવીઆ, પણ એ શાહેબોનું કેવું તેઓએ કાંઇ માન્યું નહીં; તે ઉપરથી અંજુમને એવો ઠેડાવ કીધો કે એ દેશાઇના વડીઅણ દેશાઇ મંચેરજી એદલજીની આગળ જઇને આપણે એ સઘલી હકીકત તેવણને જાહેર કરીએ અને એકવાર તેવણનાં હાથથી એઓને સમજુત અપાવીએ. તે ઉપરથી અંજુમનનાં આસરે ૧૫૦થી ૧૭૫ સખશો એ દેશાઇજી પાસે ગયા, અને સઘલી હકીકત જાહેર કીધી-તે ઉપરથી દેશાઇજી મંચેરજી એદલજીએ કહયું કે, ચાલો હું આવીને એ મકાંન ખોલો કરાવું છું. એવી રીતે એ દેશાઇજી અંજુમનની શાથે આતશબેહેરાંમનાં મકાંનમાં આવીઆ, અને દેશાઇ બરજોરજીનાં છોકરા ડોશાભાઇને બોલાવીને કહીઉં કે, તમોને આ મકાંનને તારૂં મારવાની સતા નથી, માટે તારૂં ખોલો. પણ તેવણે પાછી રૂપાંનાં આફરંગાનીઆંની માંગણી કરી કે, તે આફરંગાનીઉં હમારા સવાધીનમાં આપે તો હમો મકાંન ખોલીએ. પણ અંજુમને એ માંગણી નાં પાડીને કહયું કે, પાતરૂં તો ચાલતા આવેલા વહીવટ પ્રમાણે દશતુરજીને ત્યાં લઇ જાઇને મુકવામાં આવશે, પણ તમો તારૂં ખોલો. એવી ઘણીએક રીતે સમજાવવા છતાં એ છોકરાઓએ માંનીઉં નહીં, તેથી અંજુમને તારૂં ભાંજીને મકાંન ખોલો કીધો, અને પાતરૂં તાંથી ઉચકીને દશતુરજીને ઘર મુકયું.

આવી રીતે બંને બોરદુને મકમપણે કાંમ કરતી જોઇને, સચાઇ કહી બોરદુએ છે તે ખોલી કાડવાનું હમારૂં મન થયું. અને તે હમારી સોધનું પરીનાંમ આએ ચોપાંણીઆંનાં પેહેલા ભાગમાં હમો દરશાવીએ છીએ, તે ઉપરથી વાંચનારા શાહેબો જોશે કે અંજુમનનું કેવું કેટલે બધે દરજજે વાજબી છે.

દેશાઇ બરજોરજીનાં છોકરાઓ પોતાનાં બોલવાની શાબેટીમાં અતીઆર સુધી જે જે દલીલો નુશપેપરની મારફતે રજુ કરી ચુકા છે, તે કેટલી ના પાયાદાર છે, તે હમે આ ચોપાંણીઆંનાં બીજા ભાગમાં રજુ કીધી છે.

છલ્લે મારે જણાવવું જોયે છે કે, આએ કીસ્સો કોઇનાં પણ તરફ દવેશ બુધી રાખીને હમોએ બનાંવીઓ નથી, પણ એક અંધારાંમાં રહેલી ખરી બીનાંને આળમ આગલ મુકવાનીજ મકસદ રાખી છે. તેમ કરતાં હમારા દેશાઇજીનાં કુંતુંબીઓને જો કદાચ માંઠું લાગે તો, તેને માટે હમો દરગુજર ચાહીને એટલુંજ કહીએ છીએ, કે એક ખરી બીનાંને જાણીજોઇને ખોટી પાડવાને માટે, દેશાઇ બરજોરજીનાં છોકરાઓએ પેપરોની મારફતે જે જે યુકતીઓ રચીને અંજુમનને સતાવવાનું જારી રાખ્યું હતું, તેનું એ પરીનાંમ છે. માટે એ બાબદમાં પેહેલ કાડનાંરા તે છોકરાઓને જે કાંઇ કેહેવું હોય તે કેહેવું, એજ અરજ.

# કીસ્સે આતશબેહેરામે નવસારી.

## ભાગ ૧ લો.

### આતશબેહેરાંમ સાહેબને અંજુમને સ્થાપેલા છે એ બાબદમાં.

એ આતશબેહેરાંમ આજ સવાસો વરસની વાત ઉપર પરથવામાં આવ્યા છે. એ વખતે ભગરસાથ અંજુમન દુશમનોનાં ધસારાથી ઘણી દરેલી હતી, એટલુંજ નહી પણ પૈસા સંબંધી હાલતમાં પણ ઘણી બતંગ હતી. તેવા વખતમાં આતશબેહેરાંમ પરથવાની તેઓને જરૂર પડી. એ વખતે દેશાઇજી શાહેબ ખુરશેદજી તેમુલજી એઓનાં એક આગેવાંન અગરેસ્વર હતા, તેથી એ કાંમ તેઓની આગેવાંની હેથળ કરવાનો અંજુમને ઠેડાવ કીધો, કારણ કે, દેશાઇજી શાહેબ ખુરશેદજીને નાંમદાર ગાયકવાડની દરબારમા સારો વગ હોવાને લીધે, બીજા દેસાવરના જરતોશતીઓ પણ તે મુરબીનાં તરફ માંનની નજરથી જોતા હતા. તેથી નવશારીની અંજુમને તેઓને ફરમાસ કરી, કે જો તમો આએ કાંમની આગેવાની કરો તો આપણાથી આતશબેહેરાંમ બને. એ ઉપરથી તે મરહુમ મુરબીએ એ કાંમની આગેવાની માંથે લીધી.[1] દેશાઇ ખુરશેદજીએ એ આ

---

[1] આજના વખતમાં આપણુ જરતોશતીઓનાં દુખમાં અને અગીઆરીઓ પણ એવીજ રીતે સર દીનશાજી માંણેકજી પીટીટ બારોનેતની આગેવાંનીથી સ્થાપવામાં આવે છે. જ્યારે કોઇ ગાંમમાં દુખમાં અથવા અગીઆરીની જરૂર પડે છે, ત્યારે તે ગાંમનાં રહીસો ઊંગરાંનાંથી તે કાંમ કરવાને માટે, સર. દીનશાજીને પોતનાં આગેવાંન ઠરે છે. કારણ કે તેઓ

તશઍહેરાંમ શાહેબની આગેવાંની કબુલ રાખવા પછીથી એને માટે શું શું ગોઠવણો કરવામાં આવી હતી, તેનું બીઆંન મોબેદ શાપુરજી માંણેકજી સંજાણા, કે જેવણ તે વખતમાં હઇઆત હતા, તેવણે એક ફારશી કીસ્સામાં આપ્યું છે, તેનો અગતજોગ ભાગ હમો અતરે પરગટ કરીએ છીએ, તે ઉપરથી વાંચનાર શાહેબો જોશે, કે એ આતશઍહેરાંમ શાહેબ કુવી રીતે સ્થાપવામાં આવ્યા છે.

## દલીલ ૧લી.

મોબેદ શાપુરજી પોતાનાં કીસ્સામાં લખે છે કે "ફ્રરવરદીન મહીનાને અરદીબેહેશત રોજે સઘળા મોબેદો, બેહેદીનો અને બીજા સરદારો એકઠા મલ્યા, ત્યાં સરદાર દેશાઇ ખુરશેદજી પણ આવ્યા હતા. જ્યારે એ કાંમથી (રપીથવનના જશનથી) મોબેદો પરવારીઆ, ત્યારે સઘળાઓએ એકદીલ અને એક વીચારથી ખુરશેદજીને કહ્યું કે

દર દોરત કુનમ આતશબહરેરાંમ
અજ ઇન બાસદ તુરા જાવેદાંન નાંમ

**અરથ**—કે તારા વખતમાં હમો આતશબેહેરામ કરીએ કે જેથી તારૂં નાં

---

સારી તરાંથી જાણે છે કે આવા એક આગેવાંન સરદારનાં હાથમાં આપણે જો આગેવાંની નહીં સોફ્રશું, તો કોઇ પણ જરતોશતી જોઇતાં નાંનાં ફંડમાં ભરશે નહીં, તેથી તેઓ વારે ઘડીએ સર દીનશાજીને પોતાનાં આગેવાન ઠેડવે છે, અને એવી રીતે તેવણ શાહેબની આગેવાંની તે કામમાં હોવાને લીધે લોકો નાંનાં ભરે છે અને તે નાંનાં સર દીનશાજીને ત્યાંજ જમા થાય છે, અને તે કાંમની સઘલી ગોઠવણ સર દીનશાજી પોતેજ કરે છે એ વાત હાલનાં વખતમાં છાપો હોવાને લીધે આપણે જાણીએ છીએ, તેમજ આપણી આવતી ઓલાદો પણ જાણસે કે એ દુખમાં અથવા અગીઆરી જરતોશતીઓમાં નાગરાનું કરીને શર દીનશાજીની આગેવાનીથી ઉભાં કરવામાં આવ્યા છે. પણ જો આજે છાપો નહીં હોય, તો સો પચાસ વરસ જવા પછી લોકો એમજ માને, કે ફલાંનાં દખમાં અને અગીઆરી સર દીનશાજી .પીટીટે પોતાનાં ખરચથી સ્થાપેલાં છે. અને વળી એ બાબદમાં શર દીનશાજીને જે માનપતર મળે છે તે એવી ફીશમનાં હોય છે કે તે કાંમો તેવણે પોતેજ જાતે કીધાં હોય. તેમ આ આતશએહેરાંમને માટે પણ બનીઉં છે. પણ આટલી વાત ખુશી ભરેલી છે કે એ આતશએહેરાંમ શાહેબની લેખી હકીકતો આપણી પાસે મોજુદ છે.

મજ્દ યેદાંન સુધી રહેશે. ત્યારે ખુરશેદજીએ કહયું કે રાત દહાડો હું પણ એજ વી-ચારમાં છેઉં, અગરજો એ કામ કરવાનો તમારો વીચાર છે, તો હું પણ મારાં દીલથી દર પળે મદદગાર છેઉં. સઘલા દશતુરો અને મોબેદાએ એ સાંભલીને આએ સરદાર ઉપર દુવા કીધી.

બેખાંન્દ તંદુરશતી અજ દીલોજાંન
કે સાજીમ આતશ બેહેરાંમ માયાંન

**અરથ**—ખરાં જીગરથી તેઓ તંદુરશતી ભન્યા કે આપણે આતશબે હેરાંમ બનાવીએ.—એ વખતે દશતુરાંને દશતુર શોરાબજી તથા બીજા દશતુર બરજોરજી તથા ત્રીજા દશતુર જમશેદજી જામાશપજી તથા ચોથા દશતુર માંણેકજી જમશેદજી પેહેલવી, પાજંદ અને ફારશીનાં નુશખો લાવ્યા, અને ખુરશેદજીને દખાડયા કે અએ હમારા સરદાર તું આએ જો અને યજદાંની દીન ઉપર તું મજબુત કમર બાંધ. એ નુશખો ઇરાંણથી આવેલા છે, અને એથી કરીને હમો આતશબેહેરાંમ બનાંવીએ. બીજી વખતે દશાઇ ખુરશેદજીએ સઘલા દીનદાર મરદાને બોલાવ્યા, અને સઘલા દશ તુરો અને મોબેદાને કહીયું કે હરેક જગોએ નેક વીચારનાં ભલી દીનનાંઓ છે, તેઓને આપણા આએ કામની ખબર પડી છે, તેઓના ઉપર આપણે કાગળો લખીએ કે તેઓને આએ હાલ અને હેવાલ માલમ પડે, કે હમો આવી રીતે (ઉંગરાંનીથી) આતશબેહેરાંમ બનાંવીએ છીએ. એ પરમાંણે કાગજો લખીને મોકલ્યાં તેમાં શુરત શેહેરમાં ૧ લું શેઠ નશ-રવાંનજી બહમનજી ઉપર, ૨જું શેઠ શોરાબજી ઉપર, ૩ જું શેઠ દારાબ-જી ઉપર, અને ચોથું શેઠ મંચેરજી ખુરશેદજી ઉપર લખ્યું.

ચુ બેશુનીદંન્દ હમે સરદારે ખુશનાંમ
કે મીસાજંદ બનોશારી વરેહેરાંમ
બસી ખુશનુદ ગશતંદ ચુ અજ ઇનકાર
દુવા ખાશત અંદર પોશે દાદાર
બસી ખુશદીલ શુદેહ પાસુખ નવેશતંદ
ખરાંન ખરચી કે બાયદ મા ફીરેશતંદ

**અરથ**—જ્યારે આએ સઘલા નેકનાંમ સરદારોએ સાંભલ્યું, કે ન-વશારીમાં તેઓ આતશબેહેરાંમ બનાવે છે, તારે આએ કામથી તેઓ ઘ-

ણા ખુશી થયા, અને ખુદા આગલ દુવા ચાહી, અને મોટી ખુશી સાથે તેઓએ જવાબ લખ્યો, કે એને માટે જે ખરચ જોઇએ તે હમોએ મોકલ્યો છે.

એજ પ્રમાંણે ભરૂચ, અંકલેશર, ખંભાત અને ગોદાપરાની અંજુમન ઉપર, અને મુંબઇ મોબેદો અને બેહદીનો ઉપર કાગળો લખ્યાં. જ્યારે તેઓનાં પાછા જવાબો આવ્યા, કે એ કાંમ સાફ દીલથી કરવું જોઇએ, કે હમારા વખતમાં હમો એ જોઇએ તેથી હમો દીલથી બેહદ ખુશી છીએ. જ્યારે આએ જવાબો દરેહ મેહેરમાં વંચાયા, ત્યારે સઘળા જુવાંન અને બુધા ખુશ ચેહેરાનાં થયા પછી તે વખતે તે નુરભરેલા સરદાર ખુરશેદ દશતુર શોરાબજીને કહયું, કે આએ કામ બનતી કોશેષથી જે કાંઇ ચીજ જોઇએ તે લઇને કરો, અને ખોદાનું નામ લઇને આતશબેહેરામનું કામ સરૂ કરીને સરંજામ ઊતારો જયારે તે ખુશનામ દશતુરે એવું સાંભલ્યું, ત્યારે ખુશી થઇને પેહેલવી, પાજંદ અને ફારશીનાં નુશખો લાવ્યા. અને એક નુશખ જે દારાબને હાથનો લખેલો હતો, તે તે દાંનાંવ દશતુર લાવ્યા, અને તે નુશખથી આતશબેહેરાંમનું કામ કીધું. એક દીવસે વખત નેમીને સઘળા જુવાન અને બુધા એકઠા થયા. તે મીજલશમાં દેશાઇ જીવણજી માંણેકજી પણ ખુશી અને ઉલટ સાથે આવ્યા હતા, ત્યાં દશતુર શોરાબજીએ તે નુશખ વાંચી સંભલાવ્યો, તેથી સઘલા ખુશી થયા, અને તે દશતુર ઉપર દુવા કીધી. શને ૧૨૩૪ યજદેજરદીનાં સાલમાં તીર મહીનો ને અહુરમજદ રોજે કામ સરૂ કીધું, અને આતશબેહેરાંમને તૈયા કીધા. કાંમ કરનાંરા મોબેદાને બેવડો બદલો આપી ઘણા ખુસી કીધા. સઘલા જુદદીનનાં કારખાંનાંમાંથી બેહેદીનો આતશને લાવ્યા હતા. ખોદાતાલાએ તેઓને એવી હીકમત, બુધ્ધી, અને શકતી આપી હતી, તેથી આતશ બેહેરાંમ તખતનશીન થયા. આએ કાંમથી એઓને (બેહેદીનોને) ખોદાની દરઘાહમાં સવાબનો બદલો ઘણો મળશે. એવી રીતે આતશબેહેરાંમ તૈયાર થવા પછી, શને ૧૨૩૫ યજદજરદીનાં સાલમાં અરદી બેહેશત મહીનો ને સરોશ રોજે, સંનગી મલમલનાં તખત ઉપર આતશબેહેરાંમને તખતનશીન કીધા. પેહેલી

ઓએ તે નેક દશતુરે દીધી. અને સઘલા દશતુરો, મોબેદો, બેહેદીનો અને સરદારો તેની પરસતેશ કરનારા થયા. હરેક શેહેરમાં ખાસોઆંમ–નાંધલા અને મોટા ભલી દીનનાં હતાં, તેઓ આતશબેહેરાંમની નજદીક આવ્યા.

બસુએ શેહેરે સુરત ઇન ખબર શુદ
હમે બેહેદીન બજાંનો દીલ રવાંન શુદ
હમે ખાસાંનો દાનાયાંન સરદાર
બ્યામદ પીશે આતશ શુદ પરશતાર
બરાએ દીદને આતશ વરેહેરાંમ
બદાદેહ નફ્કેઓ ફેસવત–શુદેહેરાંમ
બસી જર ખર્ચ કરેદેહ પસે બેહેરાંમ
હમે દશતુર મોબેદ ઘશત ખુશ કાંમ
બસી હદીયે ફેદા કર દેહ બર આતશ
અજઆંન ઘશતંદ દીવાંન જુમલે નાંખશ

**અરથ**—જ્યારે એ ખબર સુરત શેહેરમાં પડી, ત્યારે સઘલા ભલી દીનનાંઓ દીલોજાંનથી આવ્યા. સઘળા ખાસ અને દાંનાંવ સરદારો આતશની નજદીક આવ્યા, અને તેની પરશતેશ કરનારાં થયા. આતશ બેહેરામને જોવાને માટે (આવ્યા), અને તેનો ચાલુ ખરચ અને સરપાવ[1] આપીને ખુશી થયા. આતશબેહેરાંમની પછાડી તેઓએ ઘણો જર ખરચ ઘો, અને તેથી સઘલા દશતુર, મોબેદ ખુશી થયા. આતશનાં ઉપર ઘણો હદયો ફેદા કરવાથી સઘલા દેવો નાંખુશ થયા"

---

[1] હમારી પાસે દશતુરજી શાહેબ શોરાબજી રૂશતમજીનાં હાથની એક જુની નોધ છે તે હમો હીઆં પરગટ કરીએ છીએ. "શ્રી પાક પાદશાહ આતશએરાંમ શાહેબને પરથવાનો દીવશ ઘણો મુબારક હતો. એ દીવસે ઘણી ખુશી અને રાંગશની કરવામાં આવી, એવી ખુશી અને રાંમશની કોઈ દીવસ થઇતી નહીં. શ્રી સુરત શેહેરથી શેઠજી શ્રીઓ આવેલા હતા. જશન પુરૂં કરવા પછી દેશાઇજી શ્રી ખુરશેદજીએ, ફરમાબરદારને ઘણા સારા શોખુનો કહીને અંજુમનનાં તરફની એક સફેદ શીઆળ ઓધારી તારે દેશાઇ શ્રી જીવણજીએ પણ સારા શોખુનો કહીને શેવકને. ઘણી ઇજત આપી. બીજા દસ્તુરજીઓને પણ શીઆલો આપી શ્રી સુરત

આએ કીસસા ઊપરથી એવું માલમ પડે છે, કે એ આતશબેહેરામ શાહેબ સમસ્ત અનજુમનનાં ઊઘરાંનાંથી પરથવામાં આવ્યા છે. અને અગત કરીને શુરત શેહેરનાં શેઠીઆઓએ તેમાં ઘણી કીમતી મદદ કરી છે, એટલુંજ નહીં પણ તેનાં ચાલુ ખરચને માટે વજીફા આપેલા છે, એવું પણ એજ કીસા ઊપરથી માલમ પડે છે.

## દલીલ બીજી.

ઉપલા કીસ્સા સીવાએ એ આતશબેહેરાંમ શાહેબ માટે બીજી નોંધ આતશનાં ગીતમાં જલવાઈ. રહી છે, કે જે ગીત આતશબેહેરાંમ પરથીઆ તે વખતે, ભરૂચ શેહેરનાં બે પારશી જીવા અને દાશાએ જોડેલું છે. એ ગીતમાંથી પણ હમો કેટલીક લાઇન અતરે રજુ કરીએ છીએ.

અંધીઆરૂ બેહેદીન સૌ કરે અંદેશો<br>
કાંહાં જાઇ રોપીએ દીનનાં થાંમ<br>
કાંહાં કરીએ ધરમનાં કામ<br>
કાંહાં જાઇ કરીએ આપણા મુકાંમ.<br>
નાંધલીરે ઇરાંણ ને વડી રે નવશારી<br>
તાંહાં બંધાવો આતશની અગીઆરી.

---

વારા દશતુરજી શ્રી ભીખાજીને તા૦ ભરૂચવાળા દશતુરજી શ્રી ને પણ અંજુમન તરફની સીઆલો આપી. પછી શ્રી શેઠજી દાદાભાઇ તથા શ્રી સોરાબજી તા૦ શ્રી ધનજીશાજી તથા શ્રી ખજાનચી તથા શ્રી [illegible]એ શેવકને ઘણી ઈજત આપીને અંજુમનને નામે શીઆલો ઓઘારી. તેમજ દેશાઇજી શ્રી ખુરશેદજીને પણ ઓઘારી. અંજુમનની તરફથી દેશાઇ શ્રી ખુરશેદજીને અને જીવણજીને શેવકે શીઆલ ઓઘારી. અને તેમજ શ્રી સુરત વારા શેઠજીઓને પણ દેશાઇ ખુરશેદજીએ શાલો ઓઘારી, અંજુમનને નામે અને પોતાને નાંમે.

શેઠજી શ્રીઓએ મને અંજુમનને નામે જે શીઆલો આપેલી તે શ્રી આતશબેહેરાંમ શાહેબનાં ઉગરાનામાં આપી છે. ને શ્રી શેઠજીઓને કરેલી તે પણ ઉંગરાનામાંથી કરી છે એ પરમાંણે ઘણી ખુશાલી અને રામશની થાઇ છે.

શેઠજી શ્રી દાદાભાઇએ કાજીશની માએને માટે પાગો અને સાંકરી સું. નાની મોકલાવી છે.”

તાંહાં જાઇ રોપીએ દીનનાં થાંમ
તાંહાં જાઇ કરીએ ધરમનાં કાંમ
તાંહાં જાઇ કરીએ આપણા મુકામ.
નરસંગ વોરા [1] કહે રે હું તો અગીઆરી બંધાઊં
દેશાઇજી તો કહેરે હું તો દલામાં વતાઊં
તાંજાંબાઇ કહેરે હું તો જમીન અપાઊં
મંચેરશાહ કહેરે હું તો આગેવાંન રેહું
તાંજાંબાઇએ આપયો જમીનનો થાર
આપ્યો વળી ગરથ ભંદાર
માળનબાઇએ આપ્યો સુતરનો પાસેરો
અગીઆરીનો તાંનોરે પુરાવો
એરાવનો બેહેદીન બોલાવીએ રે
સખી મલમલનાં પાતરે[2] લઇ આપો
એરાવનો પતેલ બોલાવીએરે
સખી બેમુગા ઇધોરા લઇ આવો
ગારે તે ગારે તે આંન્યા પાંન
અગીઆરી બાંધી નરસંગ વોરે રાખ્યાં નાંમ
દળામાં ખરચી દેશાઇજીએ રાખયાં નાંમ
જમીન આપી તાજાંબાઇએ રાખ્યાં નામ
દસ્તુર દેશાઇ મલી આતશબેહેરાંમ પરથયા
સઘલું અંનજુમન મલી આતશબેહેરાંમ પરથયા
લાવી મેલ્યા પંચની વારી [3]
તરાંબાને તરભાંને આતશબેહેરાંમ ઇજીઆ.
લાવી મેલ્યા આતશની અગીઆરી

---

[2] સગી મલમલનું તખત [1] વોરા=શેઠ

[3] એ લાઇનની મતલબ એ છે કે જુદદીનનાં કારખાંનાંમાંથી જે આતશો બેહેદીનો લાવેલા હતા તે આતશોને લાવીને પંચની વાદીમાં રાખેલા અને તેની ઉપર ત્યાં બેહેદીનોએ ચોકશ ક્રીરીઆઓ કરીને તેને ઇજશને કરવાને લાયકનાં કરીને પછી દરેહેમેહેરમાં લઇ ગએલા તેનો એ ઇસારો છે.

લાવી સોંફઆ મોબેદાને હાથ

દસ્તુરના બેટા બોલાવીએરે

સખી આતશબેહેરામ તખત બેસવા મુરત જોવારે

લાવોરે દુધના તરાંમરા રે સખી દસ્તુરના પગરે ધોવારો

લાવોરે કંકુના દાબરા રે સખી દસ્તુરના પગરે પીરાવો

થાર ભરોરે સગ મોતીએ રે સખી દસ્તુરને આવતા વધાવો

મોરોરે દસ્તુરનાં બેસનાં રે સખી ગુંગરીઆનો પાત

લાવોરે સુખર પેરીઆં રે સખી દસ્તુરને આરરે ભરાવો

થાર ભરોરે સગ મોતીએ રે સખી સપર બીજોરરો હાર

દસ્તુરે તીપરાં વાંચીઆંરે સખી મુરત સરોસ રોજે સાએલરી

મુરત આપીઆં આદરરોજે સાએલરી

દસ્તુરને પોંબરી ઓરાવીએ રે

સખી આતશબેહેરાંમ તખતે બેઠા

દસ્તુરને પોંબરી ઓરાવીએરે સખી દસ્તુરણને પતોરીની જોર

ઊપલાં ગીતમાંથી આતશબેહેરાંમ શાહેબ કોણે પરથીઆ, તેનું મકાન કોણે બંધાવીઊં અને તે મકાંનની જમીન કોણે આપી એ સઘલુ સ્પસ્ત માલમ પડી આવે છે. આએ ગીતમાંથી ખોલ્લું માલમ પડે છે, કે આતશ બેહેરાંમ શાહેબ સઘલું અંજુમન મલી પરથાયા છે. તેમજ તેનું મકાંન વોરા નરસંગે બંધાવીઊં છે. તે મકાંહની જમીન તાજાંબાઇ નામનાં જરતોશતી બાઇએ અપાવી છે તો પછી એ આતશબેહેરાંમ શાહેબ સમસ્ત અંજુમનની શાહેતાથી બનીઆ છે એમાં શું શક છે. ?

## દલીલ ત્રીજી.

એ આતશબેહેરાંમ શાહેબનું મકાંન, તે પેલા ઊડવારેવાળા આતશબેરાંબ શાહેબને માટે, અંજુમને જે મકાંન સ્થાપી આપ્યું હતું, તેજ એ મકાંન છે. કે જેમાં શેજશાજ ફેરફાર કરીને આએ આતશબેહેરાંમ શાહેબને એજ મકાંનમાં તખતનશીન કીધા હતા, અને તે ફેરફાર નરસંગ વોરાએજ કીધીલો હોવો જોઇએ. તેમજ સંવત સંવત ૧૮૨૧નાં શાળમાં એજ મકાંનની પાસેની જમીનનાં કતા ૨) તળાતી બેહેરાંમજી બચાજી

પાસેથી વેચાતા લેવામા આવ્યા છે. અને તે પણ તાજાંબાઈ નામની પારશનેજ વેચાતા લીધેલા છે.

વળી એ મકાંનને સંવત ૧૮૬૫નાં સાળમાં, યાને આતશબેહેરાંમ શાહેબ પરથાયા પછી ૪૩) વરશે પાછું બંધાવવામાં આવ્યુ છે, કે જે દેશાઇ શ્રી મંચેરજી ખુરશેદજીએ તથા વાડીઆજી નશારવાંનજી માણેકજીએ બંધાવીઊં હતું, કે જેની તખતી એજ આતશબેહેરાંમમાં નીચે પમાણે આજે મોજુદ છે.

## તખતીની નકલ.

સંવત ૧૮૬૫નાં ભાદરવા વદ ૧૩ને વાર શની, રોજ ૧લો, મા ૧લો દેશાઇ મંચેરજી ખુરશેદજી તથા વાડીઆજી નશારવાંનજી માણેકજીએ આ આતશબેહેરાંમની દરગાહ બંધાવી શને ૧૧૭૮ પારસી.

વળી એજ મકાંનને સંવત ૧૮૮૨નાં સાળમાં સમરાવવાની જરૂર પડી હતી, તારે પણ શેઠ જાંગીરજી નશારવાંનજીવાડીઆજીએ, રૂ૧૦)૭૦૦) મોકલી આપયા હતા, તો જો કે તે વખતે એટલા રૂપીઆ ખરચાયા હોય તેવું દીશતું નથી.

વળી એ મકાંનમાં પાછળથી શેઠ મંચેરજી ગેળખરીઆએ બીજી જમીન વેચાતી લઇને તેમાં વધારો કીધો હતો. અને હાલ તેઓનાં વારસો તેની ઘટતી મરાંમત કરેઆ જાય છે. તેમજ વળી શુરતવાળા દશતુરજી ખુરશેદજી બરજોરજીએ એ મકાંનમાં કેટલોક ફેરફાર તથા રીપેરેશન કરીઊં હતું.

તેમજ દેશાઇ તેમુરશપજી જમશેદજીએ તેનો ગુમબજ ફરીથી બંધાવ્યો હતો. એવી રીતે એ મકાંન અંનજુમનની શાહેતાથી બનાવવામાં આવ્યું છે.

## દલીલ ચોથી.

વળી એ આતશબેહેરાંમ શાહેબને પરથતી વખતે, તેનું પાતરૂં સુરતનાં પારશી લાલ બહમનજી અથુગરે આપ્યું હતું. તેની એક જુની નોધ ને આજે સુરતનાં રેહેવાશી નશારવાંનજી જોસી પાસે છે, તે હમો અતરે શદાખરી પરગટ કરીએ છીએ

"નોશારી મધે નવા આતશબેહેરાંમ પરથેઆ તે સંવત ૧૮૨૧નાં વ-રખે રોજ ૬ માં ૩ર્થા પરથવા માંદેઆ આતશ પાવ કરવા માંદેઆ દેશાઇ-જી શાહેબ શ્રી ખુરશેદજી તેમુરજી તા. દેશાઇ શ્રી જીવણજી માણેકજી તા. અંજુમન સમશત નોશારીનું તા. સુરતનું તા. ગોદાવરાનું તથા ભરૂચનું મલાને તે તઇઆર થાએઆ સંવત ૧૮૨૨ વરખ શાક ૧૬૮૭ માગસર શુદ ૫ વાર સોમે નખશેતર પુશ સંવત ઇઅજદજરદી ૧૧૩૫ રોજ ૧૭ મો સરોશ માહ રજો અરદીબેહેશત તે દને શ્રી તખતે મેલેઆ તાંહાં અં-જુમન પાંચે પંથકનું ગીંઉ શ્રી નોશારી તાંહાં શ્રી દેશાઇ ખુરશેદજી તા. દ-શતુર શોરાબજી રૂશતમજી મેહેરજીરાંણા તા. દશતુર માણેકજી જમશેદજી તા. દશતુર જમશેદજી જામાશજી તા. દશતુર ખુરશેદજી બરજોરજી તા. નો-શારીનું અંજુમન સમશત તા. સોરતનું અંજુમન તાંહાં ગીઊં. દશતુર ભી-ખાજી જમશેદજી તા. રૂશતમજી માણેકજી શેઠ ખાંનદાંન સમશત શેઠ શ્રી ૫૦ દાદાભાઇ માણેકજી તા. શેઠ શોરાબજી માણેકજી તા. શ્રી ૫. મનચેર-જી ખુરશેદજી ખજાંનચીન તા. મોદી શ્રી નાંનાંભાઇ દાદાભાઇ તા. નેક સેઆતખાં ધનજીશાહ તા. સમશ અંધેઆરૂ બેહેદીન સરવે સોરતનું તા. સંધે ગાંમડાંનાં લોક ૨૦૦૦)નો આસરો સંધેનાં બાહારનો લોક તાંહાં મ લીઊ છે. ને શ્રી આતશબેહેરાંમનું પાતરૂ પારસી લાલ બહેમનજી અથુગરે કરી આપીઊં છે પોતું તે ઇઆદદાશ સરવે માંડી છે, સંવત ૧૮૨૨ શાક ૧૬૮૭ માગસર સુદ ૫ રોજ ૧૭ મા ૨ એ દને દન પોહોર ૧ ચડતે શ્રી ત-ખતપર બેસાડેઆ છે,"

એ આફ્રરંગાંનીઆં પછીથી બીજું આફ્રરગાંનીઊં નવશારીનાં ર-હીશ શેઠ નશરવાંનજી એદલજી શીરવૈએ ચીનથી કરાવી લાવીને મુક્યું હતું, કે જે ક્રોપરબરાશનું હતું. તારબાદ બીજું ચાંદીનું આફ્રરંગાંનીઊં શેઠ બેહેરાંમજી નશરવાંનજી શીરવૈએ મુકાવીઊં હતું કે જે હાલ મોજુદ છે

## દલીલ પાંચમી.

આતશ બેહેરાંમ શાહેબનાં ચાલું ખરચને માટે, યાને કાઠીનાં ખ-રચને માટે, શેઠ દાદાભાઇ માણેકજી શેઠ ખાંનદાંનવાળાએ તરણ વજીફા બખશેશ તરીકે આપયા છે. તેમાંનાં બે વજીફા નાંખે હાંદવું, કે જે વીંગા ૭) સાત છે, તથા છાપરેનો નામે રાંદળવાળો, જે વીંગા ૨૦) છે, તે સંવત

૧૮૨૨નાં સાળમાં, તથા આતશબેહેરાંમની કુઆરી નામના જે વીંગા ૧૦ છે તે સંવત ૧૮૨૪નાં શાળમાં આપયા હતા.[1]

## દલીલ છઠી.

આતશબેહેરાંમમાં અંજુમનનાં તરફથી બે ચરાગો જાથુક મુકવામાં આવે છે, કે જેને સરકારી ચરાગ કરી કહે છે. એ ચરાગ જાથુક મુકવાને માટે અંજુમને બજારમાં બે ઘરો વેચાતાં લઇને આપેલાં છે, કે જેનાં ભાડામાંથી ચરાગ મુકવામાં આવે છે.

તેમજ મોટા તેવારનાં દીવસો ઉપર અંજુમનની રાશમાંથી લાઇ.ટ કરવામાં આવતી હતી, કે જેની નોધ અંજુમનનાં દફતરોમાં મોજુદ છે,

એ શીવાએ બીજી જોઇતી લાઇટ જુદા જુદા ઇશમો પુરી પાડે છે.

## દલીલ સાતમી.

આતશબેહેરાંમની નરીઆં ચરાઇ વીગરેનો ખરચ અંજુમનની રાશમાંથી કરવામાં આવે છે. તેમજ વાસનોને કલાઇ, તથા બીજાં જોઇતાં વાસનો અંજુમનની રાશમાંથી મુકવામા આવે છે. અને માણસોનો પગાર અંજુમન આપતી આવી છે.

## દલીલ આઠમી.

આતશબેહેરાંમ શાહેબની બોએ દતી વખતે, પેહેલી ન્યાએશ કરતાં જે એસમ બોએ વપડાએ છે, તે જારે એ આતશબેહેરાંમ શાહેબને પરથવામાં આવીઆ તારથી, ઘણાએક વરશો સુધી અંજુમનની રાશમાંથી અપાતી આવી હતી. તારબાદ કેટલાક જુદા જુદા જરતોશતીઓએ વચગાળી આપતી કીધી હતી. હાલ લગભગ ૩૦) વરશ થયાં તે એશમબોએ શેઠ બેહેરાંમજી નશરવાંનજી શીરવૈ પુરી પાડે છે.

## દલીલ નવમી.

સંવત ૧૮૩૨માં નવશારીમાં ધાડ પડી હતી તારે આતશબેહેરાંમને સુરત લઇ ગયા હતા, તે વખતે તેની સાચવટ અંજુમને કરી હતી, કે જેનાં નોધ નાંવરની ફેરેશટમાં નીચે પ્રમાણે છે.

---

[1] જુઓ પારશી પ્રકાશ પાંને ૮૬૩

સંવત ૧૮૩૨માં નવશારીમાં ગનીનો બેલ થયો ને ગરદી થાઇ, તેવારે દશતુર શાહેબ શ્રી શોરાબજી દશતુર રૂશતમજીએ, શ્રી સુરતથી તાકીદ કાગલ મોકલ્યું, કે સરવે ભાઇશાવો બધા હમકાર બરશનુમ જારવી રાખજો. બોદા ન કરેને એકેકને ભરોશે રહેતા નાં, દગો થાએ. તે ઉપર હમકાર ૬એ પોતાની જાતપર અંગેજીને મેહેનત કરીને, શ્રી દરેહેમેહેરને જારવવાની વાત કાડી, ને બરશનુમ સલામત રાખયાં. ને જન બેએ પોતાની જાતથી જીપર અંગેજી, શ્રી આતશબેહેરાંમ શાહેબને સુરત સલાંમત લઇ ગયા. તે જન બેનાં નામની વીગત.

દશતુર માંણેકજી જમશેદજી દશતુર રૂશતમજી તથા એરવદ શાપુરજી ખુરશેદજી શાપુરજી વાછા. એ જન બે શ્રી આતશબેહેરાંમ શાહેબને સુરત સલાંમત લાઇઆ.

તથા બરશનુમ જાળવી સલાંમત રાખીઆં તે જન ૬)નાં નામની વીગત

ભીખાજી રતનજી નરીમાંન
માંણેકજી ખરશેદજી વાછા
કાવશજી માંણેકજી દાદાજી વજીફદાર
શાપુરજી ફરદુનજી પાવરી
જમશેદજી દારાબજી કારતક
માંણેકજી પરવેજી રતનજી આંતીઆ

એ જણ આથ આતશબેહેરાંમ શાહેબને સુરત લઇ ગયા તથા બરશનુમ સલાંમત રાખીઆં તેની મોજદમે (મેહેનતનાં બદલામાં) નાવર પાંચ તેવણને શ્રી રાશમાંથી અલાદા આપઇઆ, સંવત ૧૮૩૪માં. તેની વીગત એ જે એ પાંચ નાંવર ઊપલગ કારીઆ પછી ૬ઠો આવે તે વારાદાર સારે શઇ [૧]

[૧] આએ દલીલ અતરે રજુ કરવાની મતલબ એ છે કે જો એ આતશબેહેરાંમ શાહેબ દેશાઇજી ખુરશેદજીએ પોતેજ પોતાનાં ખરચથી પરથાઆ હતે, તો જારે આવી આફત ગુજરી તારે તેવણ બેશીને જોયા કરતે નહીં. કારણ કે તારે તેવણ શાહેબ હઇઆત હતા. તે છતાં એ ખતપતમાં તેવણે

# દલીલ દશમી.

એ આતશબેહેરાંમ શાહેબમાં જોઇતું ફરનીચર, ચંદરવા, ગાલીચા, તાજ, ચમચ ચીપીઆ, હાંદી, આરશી વીગરે જુદા જુદા ઇશિમો જુદી જુદી વખતે પોતું પાડતા આવ્યા છે.

હમોએ ઉપર દશ દલીલો રજુ કરી છે, તે એવું બતાવે છે કે એ આતશબેહેરાંમ સમસ્ત અનજુમનનાં શાહેતાથી બનેલા છે. હમારી પેહેલી દલીલ કે જે મોબેદ શાપુરજી માંણેકજી સંજાંણાનો કીસ્સો છે, તે એ આતશબેહેરાંમ શાહેબની તવારીખ ઘણી સરસ રીતે ખોલ્લી કરે છે. અને તે તવારીખ એટલી તો ભરોશેદાર છે કે તેનાં ઉપર જરા પણ શક લઇ જવાને આ પણને કારણ મલતું નથી. એ કીસ્સાનાં બનાંવનાંર મોબેદ શાપુરજીએ પોતાની નજરે જોએલો એહેવાલ તેમાં દાસાવેલો છે, એટલે તેનાં ઉપર આપણે પુરતો ભરોશો રાખવોજ જોઇએ. એ કીસ્સામાં જણાવ્યા પ્રમાણે સમશત અંજુમને એ આતશબેહેરાંમ પરથવાને માટે ભાગ લીધેલો છે, અને તેમાં અગત કરીને સુરત શેહેરનાં શેઠ ખાંનદાંનવાળા શાહેબોએ એમાં ઘણી કીમતી મદદ કીધેલી છે. અને કાઠીનાં ચાલુ ખરચને માટે તો શેઠ દાદાભાઇ માંણેકજીએ ૩૭ વીંઘાનો મોટો વજીફો આપેલો છે એવું આપણે સાંભળતા હતા તે આ કીસ્સા ઉપરથી સાબેત થાય છે.

---

કાંઇ પણ ભાગ લીધો નહીં, અને સઘળો જોખમ અંજુમનેજ ખેડયો. એ ઉપરથી માલમ પડે છે કે એ આતશબેહેરાંમ શાહેબ સમશત અંજુમને પરથાઆ હતા, તેથીજ દેશાઇજી ખુરશેદજી એ સઘળો જોખમ અંજુમનને માથે નાંખીને અલગા રહીઆ. એટલુંજ નહીં પણ એ આતશબેહેરાંમ શાહેબનાં કાંમમાં મોટી આગેવાંનીથી ભાગ લેનાર, પેલા શુરતવાળા શેઠજી શાહેબ દાદાભાઈ માણેકજીએ જારે એ આતશબેહેરાંમને એ વખતે નવશારી પાછા લાવવાને, નવશારીનાં લોકોએ ઠેડાવ કીધો, તારે લાંબા વખત સુધી લાવવા દીધા નહી, અને મોટી સમજાવતથી પછવાડેથી લાવીઆ હતા. તારે જો એ આતશબેહેરાંમ શાહેબ દેશાઇજી ખુરશેદજીએ એખલાએ પરથેલા હોય, તો દાદાભાઇ શેઠની શું સતા હતી કે તેમ અટકાવવી શકે ? પણ હમે ઉપર જણાવીઉં તેમ એ શેઠે એ કામમાં પૈસા સંબંધી મોટી આગેવાની કરી હતી, તેથીજ એ શેઠે લાવવાનો અટકાવ કરીઓ હતો.

વળી હમોએ બીજી દલીલ જે આતશનાં ગીતની મુકી છે, તે પણ એના જેટલીજ વજનદાર છે. એ ગીત પણ એ આતશબેહેરાંમ પરથવામાં આવ્યા તેજ વખતે જોડેલું છે. એ જોડનારા માણસો કે જે ભરૂચનાં બે જરથોસ્તીઓ નામે જીવા અને ડોશા છે, તેઓ આતશબેહેરાંમ પરથાયા તારે નોશારીમાં આવેલા હતા, અને તેઓએ પોતાની નજરે જોએલો એહેવાલ એમાં લખેલો છે, અને તે એટલો તો ભરોશેદાર છે, કે તેની સાદત આપણને એ મળે છે, કે સંવત ૧૮૨૧નાં સાલમાં આતશબેહેરાંમની પાસેની જમીનનાં બે કટકા, તલાટી બેરામજી બચાજી પાસેથી તાજાંબાઇએ વેગાતા લઇને અંજુમનમાં આપેલા છે, તેનો એસારો એ ગીતમાં આવેલો છે.

એવી રીતે એ આતશબેહેરાંમ શાહેબ સમશત અંજુમનની શાહેતાથી સંવત ૧૮૨૨નાં સાલમાં પરથવામાં આવ્યા હતા તારપછીથી આજ સુધી પણ એ આતશબેહેરાંમ શાહેબને મકાંન અને બીજી જોઇતી ચીજો જુદા જુદા સખી ઘરહસથોનાં તરફથી પુરી પાડવામાં આવી છે અને આવે છે. એ સઘલું બતાવે છે કે **એ આતશબેહેરાંમ શાહેબ સમસ્ત અંજુમનની સાંહેતાથી બનાંવવામાં આવ્યા છે.**

# ભાગ ૨ જો.

## દેશાઇ ખરશેદજીનાં છોકરાઓ તરફથી એ આતસબેહેરામ વિષે ન્યુસપેપરોમાં આવેલાં લખાંણનો રદીઓ.

દેસાઇ ખરશેદજીનાં છોકરાઓ એ આતસબેહેરાંમ સાહેબ ઉપર માલકીપણાંનો દાવો કરતી વખતે પેપરોમાં એવું જણાવે છે કે એ આતસબેહેરાંમ હમારા દેસાઇ ખુરસેદજીએ પોતાના ખરચથી સ્થાપેલા છે માટે તેનું માલકીપણું હમારૂં છે.

અનજુંમનનું કેહેવું એવું છે કે એ આતસબેહેરાંમ સાહેબ સ્મસ્ત અનજુમન મલી સ્થાપેલા છે તેથી તેનો વહીવત આજ સવાસો વરસ થયાં જેમ અનજુમન ચલાવતી આવી છે તેમ હમારો છે.

અનજુમનનું બોલવું કેટલે બધે દરજજે ખરૂં છે તે વાંચનારા સાહેબોએ પેહેલા ભાગમાં જોયું હશે, તેથી હવે એ દેશાઇના છોકરાઓ તરફથી અત્યાર સુધીમા જે જે દલીલો રજુ થઇ છે તે કેટલી મક્કમ અને ભરોસેદાર છે તેની આપણે તપાસ લઇએ.

એ દેસાઇનાં છોકરાઓ એ આતસબેહેરાંમ સાહેબ દેસાઇજી ખુરસેદજીએ પરથેલા છે એમ બતાવવાને જ્યારે બાહાર પડીઆ છે, ત્યારે તો તેઓએ પારકે માસે ઘા પુરવા જેવી વાત લાવવી જોઇએ નહીં. ફલાંનો યુરોપીઅન પોતાની તવારીખમાં એમ લખી ગયો છે કે નવસારીનાં આતસબેહેરાંમ દેસાઇ ખરશેદજીએ પરથેલા છે. અને ફલાંનાં ફલાંનાં દસ્તુરજીઓ પોતાના ખુમસામાં અથવા બીજાઓ ઊપર કાગલ લખેલાં તેમાં એમ જણાવી ગયા છે કે એ આતસબેહેરાંમ દેસાઈ ખરસેદજીએ સ્થાપેલાં છે. તો હમો કહીએ છીએ કે એવી નાપાએદાર દલીલ આએ તકરારમાં કામ લાગે નહીં; કારણ કે આતસબેહેરાંમ સાહેબને પરથીઆને આજે ૧૨૫ વરસ થયાં છે અને તે વખતનાં લખાંણો આજે મોજુદ છે. તો તેમાંથી સાહદત બ-

તાવવાને બદલે એવી ઊછીની અને દંતકથા ઉપરથી ચાલતી આવેલી વાત (તેબી હાલનાં વખતનાં કેટલાક લોક બોલે છે) તેવી દલીલો રજુ કરવાથી એક માલકીપણું સાબેત થાય નહીં. દાખલા તરીકે જો તમો કોઇનાં ઘર-માં ભાડે રહ્યા હો અને તેમાં પચીસ તીસ વરસ કાહડવાથી લોકો એમ સમજે કે એ ઘર તમારૂં છે અને પછી તે તમારાંજ નામથી ઓલખાય, તો શું તે ઊપર તમો દાવો કરસો કે તે મારૂં છે? જો તમો દાવો કરો અને તેનો પુરાવો તમે એવો આપો કે ફલાંનાં માણસો એમ બોલે છે કે એ ઘર દેસાઇ મનચેરજીનું છે, તો આવા પુરાવાથી શું તમો તેનું માલકીપણું મેલવી શકસો? નહીં; કદી નહીં, તમોને તમારી માલકીને માટે તેનાં ખત પતરો તમારે નાંમનાં રજું કરવાં પડે. તેમ એ આતશબેહેરાંમ સાહેબ દેસાઇજી ખરસેદજીએ પોતાનાં ખરચથી સ્થાપેલા છે એવાં લખાંણો તમારે રજું કરવાં જોઇએ. હમો હીમતથી કહીએ છીએ કે આતસબેહેરાંમ સાહેબ કોણના ખરચથી સ્થાપવામાં આવ્યા છે એવું લખાંણ ખુદ દેસાઇજી સાહેબ ખુરસેદજીને હાથનું તમારા કુટુંબમાં છે, તો તે લખાંણથી તમો હમોને બતાવો કે એ આતસબેહરાંમ સાહેબ દેશાઇજી ખરસેદજીએ લખખો રૂપીઆ ખરચીને આવી રીતે પરથીઆ છે. વાંચનારા સાહેબો હમો કેજીએ છીએ કે તે લખાંણો નહીં બહાર પાડવાનું કારણ એજ કે તે મરહુમ બેહેસ્તી સાહેબના ચોપડામાં એ આતસબેહેરાંમ સાહેબ કોણ કોણની મદદથી સ્થાપવામાં આવેલા છે એવું ખોલ્લુ લખેલું હોવું જોઇએ. અને તેજ શબબને લીધે એ દેસાઇ તે લખાંણ બહાર પાડતા નથી. અને પારકી દલીલો બોલવાને માટે ફોકતનાં ફાંફાં મારે છે. અને એજ પરમાણે દેસાઇ તવારીખના બનાવનારે પણ એ આતસબેહરાંમ સાહેબ દેશાઇજી ખુરસેદજીએ સ્થાપેલાં છે એવું કહેતી વખતે પોતાના ઘરની એક પણ દલીલ રજુ કરી નથી. તેનો પણ સબબ એજ કે તેવી દલીલ તે તવારીખના લખનારને પણ મલી શકી નથી, ત્યારે તેણે શાપુરજી શણજાણાના કીસ્સાને નામે, એ આતસબેહેરાંમ સાહેબને પરથવાનું માણ દેસાઇજી ખુરસેદજીને સીર ચોંતાડવાની તજવીજ લગાવી છે. પણ તેમ કરતાં તો તે પોતે ફસી ગયો છે, કારણ કે એ તવારીખને પાંને ૧૬મે સાપુરજી સનજાણાને નામે

તે લખે છે કે તેઓએ (મોબેદોએ) અરજ કીધી કે "આપણ જરથોસ્તીઓની ફરજ છે કે આતસબેહેરાંમ બનાવવા, માટે એ પવીતર કામ હમો ઉઠાવવા ધારીએ છીએ."

આએ વાકય ખોલ્લું બતાવે છે કે મોબેદોએ દેસાઇ ખરસેદજીને એવી અરજ નથી કીધી કે એ કાંમ તમે પોને કરો, પણ તેઓએ તો એવું કહ્યું કે એ કાંમ હમો ઉઠાવવા ધારીએ છીએ. આવું ખોલ્લું લખવા છતાં એ તવારીખના બનાવનાર એજ કીસ્સાને નામે એ આતસબેહરાંમ પરથવાનું માંન દેસાઇ ખરસેદજીને આપવા માગે છે. અને એ કીસ્સામાં એ આતસબેહેરાંમ સાહેબ અનજુમનની સાહેતાથી બનાવીઆ છે એવી જે વાતો આવી છે તે તદન ખાઇ ગયા છે. અને વલી તેથી ને ઊલતુંજ અનજુમને પોતે પોતાના નામની તનદરોસ્તી ભણેલી તેને માટે એવું લખે છે કે દેસાઇજીને નામે તનદરોસ્તી ભણીઆ. તો એ વાત કેટલી ખોતી છે તે નીચલાં બેત ઊપરથી જણાસે.

બખાંનદ તંદુરસ્તી અજ દીલો જાંણ
કે સાજીમ આતશબેહરાંમ માયાંન

**અરથ**—તેઓ દીલોજાણથી તનદરોસ્તી ભણીઆ કે આપણે આતસબેહેરાંમ બનાવીએ

વાંચનારા સાહેબો, તમો જોશો કે એ બેતમાં દેસાઇ ખુરસેદજીન નામની તંદુરસ્તી ભણીઆં એમ આવ્યુંજ નથી. આખા કીસ્સા વચ્ચે "તંદુરસ્તી" એ બોલ એકજ મરતબે આવેલો છે અને તે ઉપલીજ બેતમાં છે.

વલી દેસાવારના જરથોસ્તીઓ પાસેથી પઇસાની જે મદદ માગેલી તેને માટે તો એ તવારીખનો કર્તા એમ કહે છે કે "આ કાગજો દેસાઇજીએ પોતે લખાવીઆં અને મજકુર જરથોસ્તીઓને પોતે માથે ઉઠાવેલાં શુભ કામથી જાણીતા કર્યા. જેના ઉત્તરમાં સઘળી તરફથી મુબારકબાદીનાં જવાબો ફરી વલ્યા. ઉપર મુજબનું પત્ર સુરત ખાતે પણ લખ્યું હતું, જયાથી સેઠ રૂસ્તમની ઓલાદના સેઠ નોસેરવવાંન બીન બહમન તથા સેઠો સોરાબ, દારબ, મીનાચેહેર, જેઓ તે વખતે માતબર, સખી અને દીનદોસ્ત હતા તેઓએ પણ આ નેક કામ ગણીને તે માટે દીલોજાણી બતાવી"

હવે હું એ તવારીખના કર્તાને પુછું છું કે એ જરથોસ્તીઓ ફક્ત દીલોજાણી બતાવીનેજ બેસી રહ્યા કે કાંઇ બીજું પણ કરેલું ? એ કીસ્સામાં પેલી કોથલીઓ આવેલી તે વીસે જે બેત છે તે કેમ ખાઇ ગયા ?

વાંચનારા સાહેબોને હમે જણાવીએ છીએ કે એ કાગજો તો ઉઘરાંણાને માટે લખાયાં હતાં. અને તેના જવાબમાં પેલા સુરતવાલા શેઠીઆઓએ ફક્ત દીલોજાણી બતાવીને બેસી નથી રહ્યા. પણ નાણાની નાદર રકમ મોકલી આપી છે, તેને માટે એ કીસ્સાના બનાવનાર લખે છે કે

બસી ખુશ દીલ શુદહે પાસોખ નવેસ્તંદ
બરાંન ખરચી કે બાયદ મા ફીરેસ્તંદ.

**અરથ**—મોટી ખુશી સાથે જવાબ લખ્યો કે એના ઊપર જે કાંઇ ખરચ જોઇએ છે. તે હમોએ મોકલ્યો છે.

વાંચનારા સાહેબો તમો જોશો કે દશાઇ તવારીખનાં બનાવનારે એ આતશબેહેરાંમ સાહેબ દશાઇ ખરસેદજીના છે એવું બોલવાના આધારમાં ફક્ત સાપુરજી સનજાણાનો કીસ્સોજ બતાવ્યો છે. પણ એવો આધાર એ કીસ્સામાંથી મલી શકતો નથી તે હમોએ ઉપર દરશાવ્યું છે. પણ તેથીને ઉલતુજ એ કીસ્સો એમ બતાવે છે કે એ આતશબેહેરાંમ શમસ્ત અનજુમને પરથેલા છે, અને તેથીજ આજે દશાઇ બરજોરજીના છોકરાઓ એ કીસ્સાનો આધાર પોતાના બોલવાના ટેકામાં લેતા નથી, કારણ કે તેમાંથી તો એમ નીકલે છે કે એ આતશબેહરાંમ અનજુમનની સાહેતાથી બન્યા છે.

એ કીસ્સા સીવાય એની બીજી નોંધ દશાઇજી શાહેબ ખુરસેદજીનાં દફતરખાનાંમાં હોવીજ જોઇએ; કારણ કે જ્યારે નવસારીનાં બીજા ધર્મ વાલાઓનાં મકાંનોનીએ મરહુમ દશાઇજીએ પોતાને હાથે જે નોધ રાખેલી છે, તો પછી આ આતશબેહરાંમ કે જેનું ઉપરીપણું એવણ સાહેબેજ ચલાવેલું અને ખજાંનચી [1] તરીકે એ ફંડમાં ભરાયલાં નાણાનો વહીવટ પોતેજ કરેલો. તો અલબત તેનો હીસાબ અને હેવાલ દફતરમાં લખેલો હોવો જ જોઇએ. અને તે દફતરમાંથી દશાઇ બરજોરજીના છોકરાઓએ બતાવુ

---

[1] જુઓ. આતશનું ગીત-ખજાંનાની કોઠરી ખરશેદજીને હાથ.

જોઇએ છે કે એ આતશબેહેરાંમ સાહેબ દેશાઇ ખુરસેદજીની માલકીના છે. પણ જ્યારે અત્યાર સુધી તે દફતરમાંથી તેવણ કશું બતાવતા નથી અને બીજી નજીવી દલીલો બોલવા પડીઆ છે, ત્યારે આપણને માનવાનું કારણ રેહે છે કે જેમ આ ચોપાંનીઆના પેહેલા ભાગમાં જણાંવ્યું છે તેમ એ આતશબેહેરાંમ સાહેબ સમસ્ત અનજુમને પરથેલા છે.

દેશાઇ બરજોરજીનાં છોકરાઓ પોતાનાં વડીઅળનાં આતશબેહેરાંમ પરથેલા છે એ વાત સાબેત કરવાને બદલે ઘણાંક પેપરોમાં જે લખાંનો રજુ કરે છે તે તદન હસવા સરીખાં છે. એક માલકીપણુ સાબેત કરતી વખતે જે દલીલો રજુ કરવી જોઇએ તે તેઓ પાસે નહીં હોવાથી તરેવાર ધમકી ભરેલાં લખાંનો રજુ કરી (જાને તેથી અંજુમન બીહીને તેઓને માલકીપણુ આપે તેમ) અંજુમનને સતાવવા માંગે છે. પણ તેઓનાં આવાં હીચકારા-પણાંની કાંઇ દરકાર નકરતાં અંજુમન પોતનું કાંમ હમેશ મુજબ કરે છે.

હવે એ છોકરાઓ કુવી મજબુત દલીલો પોતાનાં વડીઅલનાં આતશબેહેરામ છે તે બતાવતી વખતેરજુ કરે છે તે હીચકારાપણું તો જુઓ.!!!

૧લું. હમારા વડીઅળનાં આતશબેહેરાંમ છે એમ માંણીને હમોને વહીવટ કરવા દેવ, નહીં તો હમો ફોજદારી કરીશું.

આએ તે છોકરાઓની અકલનો પેહેલો નમુનો! આએ તે દેશાઇ ખુરશેદજીની માલકીનાં આતશબેહેરાંમનો સૌથી મજબુત પુરાવો!

અરે ભાઇઓ બેસી શું કાંમ રહયા છેવ! જાવ; કોરટનાં દરવાજા ખોલ્લા છે. તમોને કાંમદારે રોકડો પરખાવ્યો તો દખું કે કાપદેસર ફરી આદ કરો, ને વળી તમારામાંથી મંચેરજી બાપા તો કેઠા સરકાર દરબારે ફરેલા, ને વળી નાંનપણથીજ કાયદાથી ઘણાંજ માહીતગાર દખું, તો બેસી સું કાંમ રહયા છેવ? કેહેવત છે તેમ "એ દીન તો ગયે બાપાજી કે સાથ." સુજમાં ખોટી ના થાવ, એ તો ઘરમાંનાં છોકરાંઓને સમજાવો.

આવી ધમકી પેપરોની મારફતે આપવા છતાં જ્યારે એવોનાં આવાં ફરેખીલખનોની અંજુમને કાંઇ દરકાર કરી નહીં, ત્યારે આલમની આગળ જરા સરખરૂ તો રેહેવું જોઇએ, તેથી એક નવી વાત જાહેરમાં લાવ્યા.

**દલીલ ૨જી**—સુબા શાહેબ, મુંબઇવાલા દશતુર જામાશજી અને ગારડાજી વચે પડીને સમજુત કરાવવાનાં છે.

દેશાઇ ખુરશેદજીની માલિકીનાં આતશબેહેરાંમનો 'આ તે બીજો પુરાવો !

વાંચનાંરા શાહેઓએ જાણવુ જોઇએ છે કે એમ બોલીને પોડો વખત એ છોકરાઓએ પોતાની ઇજતનો બચાવ વાંચનાંરી આલમ આ-ગળ કરયો છે. પણ તે કેટલો વાર ? ફકત આઠ દીવશ. એટલામાં તો એ વીચાર ફરી ગયો; કારણકે જ્યારે એ બાબદમાં પણ વાંચનારી આલમે એવણની સચાઇ જોઇ નહીં, ત્યારે પાછા ઘભરાતમાં પડયા, અને હવે કેવા સોંગે વાંચનાંરી આલમ આગળ દેખાવ દેવો તેની એક નવી યુકતી સોધી કાહડી.

**દલીલ ૩જી**—હવે તો દીવાંની કરવાની છે. અને તેને માટે બે બેરીશતર, એક સોલીશીતર અને નવશારીનાં આઠ ચુનનદા વકીલો રોકયા છે.

અરે બાપરે! હવે કેમ થવાનું, હવે કાંહાં જઇએ ! અરે બાપુઓ? આ-આજનો જમાંનો એવો ચંચળ છે કે જો તમો તમારાં નાંધલાં છોકરાંઓને એમ બીવાડો કે "ચપી જા નહીં તો બાઊ પાસે તારો કાંન કપાવશ" તો તે છોકરાંઉ એમ કેહેશે કે લાવોની તમારૂંજ નાંખ કપાવી નાખુ, તો અવા જમાંનાંમાં દેશાઇ અંજીમનને બીવાડવા ગયા તો હમો કેહેજીએ છીએ. કે પેલી બાંહેધરી લઇને પ્રીવીલ કાંઊનસીલમાં કાંએ નહીં જતા ? કે તાંથી તમોને વાજબીજન્યાએ મલશે.

જ્યારે આએ ધમકીથીબી અંજુમન દરી નહીં. ત્યારે હવે હારેલા જુગારી વધારે રમે તેમ આલમ આગલ સરખરૂ રેહેવાને માટે અને પોતા-નાં હકની સાબેટીમાં જે દલીલ રજુ કરી તે એ કે—

**દલીલ ૪થી**—એ દેશાઇઓ હાલની નવશારીની નવી અગી-આરીવાળા વાડીઆજીને મલી જઇને તેઓને તેઓનાં કામમાં મજબુતી આપવાનાં છે.

સાબાસ ! ! ! રે મારા દેશાઇ ! ધનભાગય દેશાઇ ખુરશેદજી તમા-રાં કે તમારી ઓલાદમાં તમારાં નાંમને અને કાંમને જેબ આપનાંરા આ-વા પુતો નીકલ્યા ! જો આવા નીમખહલાલ અને મરવતદાર પુતો પેદા

ન થયા હતે તો તમારાં નાંમને પુરેપુરો જાંખ લાગતે. તેથી દાદાર અહુરમજદ શાહેબની દરઘાહમાં તમો મુરબ્બી સુકરાંનાં કરો કે તમારી ઓલાદ તમારૂં નીમખ ખાઇને તમારા તરફ આવી ખેરખાહીં બતાવે છે. !

હવે હમો કહીએ છીએ કે એ છોકરાઓએ આવી હીચકારી વાત બાહાર પાડયાનાં કરતાં જો તેઓએ ચુપકીદી પકડી હતે તો તેમાંજ તેઓની સોભા હતી. કેહેવત છે કે પગ તળે બળે ને લંકા હાલવવા જાય, તો જ્યારે તમારી પાસે આવી મજબુતીઓ હોય તો, તમારૂંજ કાંએ નથી હોલવતા ? શું તમો વાડીઆજીઓને પણ ગાંમડીઆ સમજો છેવ, કે તેઓ તમારી જાળમાં ફસસે ? જ્યારે તમો એક ગમથી આતશબેહેરાંમ ઉપર, તમારી માલકીનો દાવો ઉઠાવોચ, ને વળી બાજી ગમથી જ્યારે તમો અંજુમનથી છુટા પડી વાડીઆજીની મીનમાં-જાવા માંગો છેવ, તો તમારો અંજુમન સાથ સું સંબંધ રહયો ? જો તમો એમ જાવ તો પછી આએ તકરાર રહીજ શાંની ? ભળે, જાઓ, પણ અંજુમનને ચેતાવીઆ વગર અંચીતા જતા રખે, કારણ કે તમો હમારા મરહુમ અકાબરનાં દીકરાએ, છેવ, તેથી તમોને લીલા તરોપા આપ્યા વગર જો મોકલીએ તો, દેશાઇજી ખુરશેદજી હમારી ઉપર ખફા થાય, કે મારા પુનોએ મારી આટલી બધી ઇજત વધારી ! ને તેઓ તમારેથી છુટા પડયા, ને તમોએ તેઓને કાંઇજ સગન કીધા નહીં. તેથી જતી વખતે જરૂર ચેતાવજો, કે અંજુમન મોટી ખુશી શાથે ઘોલ તાસા લઇને તમોને વદેઆ કરવા આવશે. ભલાં માણસો, જ્યારે એમ હતું તો અગાઉથીજ કાંએ નહીં ગયા ? કે તમોને અને અંજુમનને આટલો બધો મીનાંકેશો થતે નહીં, અને જે ફજેતીમાં તમોને આવવું પડયું છે, તેમાં આવતે નહીં. ખેર, એબી તમારા દહાડાની ચાલ.

હવે એવણનની ઉપલા વખાંનવાજોગ દલીલથી પણ અંજુમન “ભડકી” નહીં, ત્યારે હવે અંજુમનને ગાળો ભાંડવા માંડી, અને ગીનશ કરવા લાગા કે—

હમારા દેશાઇ ખુરશેદજીની દોલતથી મોબેદો ઘરબારનાં થયા, ને વરસ દહાડે રૂ ૪૦૦૦)ની આવકનો આતશબેહેરાંમનો વગર વાડનો વજીફો ખાય છે, તે છતાં મોબેદો નીમખહરાંમ અને બે મરવત થયા છે.

સાબાસ રે મારા દેશાઇ! દેશાઇ ખુરશેદજીની માલકીનાં આતશબેહેરાંમ ઠેડવવામાં, આએ તમારી પાંચમી દલીલ ઘણીજ મકમ અને પાયદાર છે. તો હવે એ દેશાઇએ જાણવું જોઇએ છે કે જો મોબેદો આજે સુખા હાલતમાં હોય, અને તેની જો તમોને અદેખાઇ લાગતી હોય, તો તેને માટે મોબેદો તમારા કેહેવા પ્રમાંણે, દેશાઇ ખુરશેદજીનાં નહીં પણ પોતાનાં બળનાં, અને આએ કસબામાં પેલા કેલવણીનાં સ્થાપનાર કાંમાં ખાંનદાંનનાં અને મુંબઇ વગેરે શેહેરોનાં આભારી છે. માટે ખાલી બળાપો કરીને "આંગ તાવવું" નહીં.

હવે એ ભાઇ આતશબેહેરાંમની વરસ દહાડે રૂ૦ ૪૦૦૦)ની પેદાસની જે ડીંગ મારે છે, તે કેટલી ગરભછાંટ છે, તે તો એવણ અને નવશારીનો દરેક રહેવાસી સારી રીતે જાંણે છે. પણ એ તો દેશાવરના લોકોને ઠગવાને માટે, આવી ગરભછાંટ હાંકેલી છે. પણ તેમ કરતાંબી એવણે મુંબઇ જેવાં શેહેરનાં જરથોશતીઓને પણ જંગલીજ સમજીને, તેઓને છેતરવાનીજ યુકતી કરી છે. પણ હમો કહીએ છીએ કે મુંબઇનાં જરથોશતીઓ તો, એઓની આ ગરભછાંટ સાંભળીને સાંબા હસ્યા હશે. કારણ કે આજે હીંદુસ્થાનમાં જેટલા આતશબેહેરાંમ છે તેમાંનાં સૌથી ચડતી પેદાસનાં મુંબઇનાં વાડીઆજીનાં આતશબેહેરાંમ છે, તો તેમાં જ્યારે રૂપીઆ ચાર હજારની વરસ દહાડે પેદાસ થતી નથી, તો નવસારી જેવાં ગરીબ ગામમાં તો કયાંથીજ હોય? પણ વાંચનારાં શાહેબો સબર કરો, એ તો દેશાઇજીના આતશબેહેરાંમ કેની તેથી થવીજ જોઇએ. એ કાંઇ રઇયતનાં આતશબેહેરાંમ નથી, એ તો રાજવંશીનાં છે, માટે થવીજ જોઇએ! નવશારીનો દરેક જરથોશતી સારી રીતે જાંણે છે કે, હાલ નવશારીના આતશબેહેરાંમની પેદાશ વરસ દહાડે હજારથી બારસો રૂપીઆ સુધીની છે. તેમાંથી દર વરશ રૂ૦ ૨૦૦) સુધી અંજુમનની રાસનો ખરચ જાય છે, ને બાકી મોબેદોનાં હાથમાં આતશબેહેરાંમના ચાકરી કરવાનાં બદલામાં તેની પેદાશ રહે છે.

હવે જ્યારે એ લોકોનાં આવાં બેમલાજે બોલવાને પણ અંજુમને કોઠું દીધું નહીં; ત્યારે પાછા આલમ આગલ ખસીઆંનાં પડયા, કે દાસી

(મહીનો) આવે તેટલાં તો પાંચ સોંગ તો લીધા, ને દાસી તો વીતી, મા ટે હવે શું તાલ લાવીએ. એવા વીચારમાંનાં વીચારમાં એઓને આએ એક છઠો રસતો ઘણોજ નેક સુજ પડ્યો ! કે હવે તો રાસ્ત ગોફ્તારનો અધી-પતી જે ફડચો આપે તેની ઉપર સંતોશ પકડવાને રાજી થયા છે.

એનું નાંમ તે થાકાનાં ગાઉ. વાંચનારા સાહેબોએ જોઇ લીધું હશે કે આટલી મુદત ગુજરવા છતાં, એ અધીપતીએ ચુકાદો આપ્યો નથી, તેથી હમોને ધાસતી લાગે છે; કે રખેને એ અધીપતીનાં ઉપર પણ ફોજદારી કરે.

હવે એક બીજી અગતની બાબદ મારે જણાવવી છે, તે એ કે એ દેશાઇ આતશબેહેરાંમની માલકી ઉપર જે દાવો કરવા માંગે છે તેનું કારણ એ કે આતશબેહેરાંમમાંથી સામણ કેઠો તફરગે થતો દેખું ! અને મનસુખનો ઘાંટ અને ચમચ કોઇ સાહુકારને ઘેર જઇ પડીચ, તેમજ કોઇ ચીનાંઇ અને તવરીઆ (એ લોકોનાં નાંમ પાડેલાં નહીં તેથી નનાંમાંજ છે) નાં આફરંગાંનીઆં; ચમચ, અને ચીમતા વીગરે ગેરવલે ગાંઆં, તેથી તેની ચોકસીને ખાતર એવણ એમ કરે છે. કાંઇ મોટાઈ લેવા ખાતર નહીં !

બોલો દેશાઇ એમાં સચાઇ કેટલી છે ? પેલા મનશુખે તો પોતાનાં પેપરમાં મોટી દલગીરી બતાવી છે કે હમોને ખોટી ખબર આપવાથી, હમોએ પેહેલાં એમ છાપીઊં હતું, પણ તે સાંમણ અનામત છે. તો પછી તમો કેહેવ છેવ તે ખોતું કે મનસુખ કહે છે તે ખોટું ? વલી હમો પુછીએ છીએ કે પેલા તવડીઆ અને ચીનાંઇનું નાંમ શુ ? તેઓએ શું શું સાંમણ મુકેલો તે તો જણાવો ? આફરંગાંનીઆં કેટલાં ને ચમચ, ચીપીઆ તે કેટલા તેની સંખ્યા તો બતાવો ? જો એ સાંમણબી તમારા ભાઇ કાકાજીનાં વખતમાં આવ્યો હશે, તો શેઠ બેરાંમજી શીરવૈની માફક, તેઓ પાસેથીબી લખત લખાવી લીધું હશે. કારણ કે તેમ કરવાનો તમારો કેઠો સીરેશ્તો દેખું ! તો તે લેખ બહાર કાહડો, એટલે તમારી સચાઇ બાહાર પડી આવે. એક નીરદોશ માણશને સતાવવા, તમોએ આવું હરરતું જુઠું બોલવામાં કાંઇ બખીલાઇ કીધી નથી, તો પછી કહેવ કે તમો જે સાંમણ કબજ કરી બેઠાચ, તેમાં સર દીનશાજી પીટીટનો આફરંગાંનીઆંનો સટ, પેલી કોઇની રૂપાની ચમચ અને એક ચંદરવાજ છે. કે કાંઇ બીજોબી છે ?

કારણ કે તમોએ એ શીવાય બીજા સાંમાણની કાંઇ નોંધ આપી નથી. તો હવે કેહેવ કે અંજુમનનાં જમવાનાં ૨૦૦) ખુમચામાંથી કેટલા બાકી છે? આતશબેહેરાંમમાં ઉઠેનાંને લગતી કીરીઆનાં જે વાસણો હતાં તે કાંહાં ગેપ થયાં? આતશબેહેરાંમમાં પેલા મુંબઇવાળા શેઠ માંણેકજી શાપુરજી કાકાએ ૫૦) બાંક મુકાવેલા તે હમનાં કહી જગયાએ ભાંગે છે? આતશબેહેરાંમનું કેટલુંક ફરનીચર કોણનાં ઘરમાં સોભા આપે છે? અંજુમનનાં જમનવારનાં મોટાં વાસણો, કે જેની યાદ તો તમારાં મનમાંથી ખસવીજ નહીં જોઇએ, તે કયાં ગુમ થયાં? આતશબેહેરાંમની મોબેદાને સુવાની પલંગરી ઉપર હાલ કોણ આરામ લીએ છે? હું ધારૂં છું કે તે બધું બેહેશાતી થયું હશે

આટલું છતાં એક પેપરમાં એ દેશાઇએ એવી તો પતરાજી મારી કે જાને દુન્યાનાં ધણી પોતેજ હોય, તેમ વાંચનારી આલમની આગલ પોતાની બડાઇ હાંકેચ કે "ઉપલો સાંમાણ જેણે કોઇએ અફરા તફરી કીધો હોય, તેણે પોતાની દલગીરી જાહેર કરી, બીજો કાંઇ સાંમાણ તેને ત્યાં હોય, તે પાછો લાવી આપે તો તેઓ (દેશાઈ બરજોરજીનાં છોકરાઓ) તેને માફ કરવા ખુશી છે."

વાંચનારા શાહેબો આએ લખાંનથી એ દેશાઇનાં છોકરાઓ દેશાવરનાં જરથોશતીઓને એવી રીતે ઠગવા માંગેચ, કે જાને એવાણ આખી અંજુમનનાં કોઇ વડીલ હોય, અને અંજુમન એવાણનેજ તાબે હોય, એવું દોલ ઘાલવા નીકલ્યા છે. તો એવાણની આવી નબલી હાલત ઉપર અમોને દયા આવવાથી કહીએ છીએ કે ભાઇ મગજમાંથી એ ધનકી કાઢી નાંખો, નહીં તો ખસી જસો. એવી ધાંધળ તો ઘરમાંનાં બઇરાંઓ પણ આએ જમાનામાં સાંખી સકતાં નથી તો પછી અંજુમન આવી તમારી પતરાજીથી દરી જશે, એમ તમારે જાણવું નહીં. તમારાં આવાં બેમલાજે બોલવાથી, આએ વખતની અંદર, અંજુમન પોતાનાં હકની ઉપર કદી પણ તરાપ મારવા દેવાની નથી. તમો જ્યારે એવી સરજોરી કરવા નીકલ્યા છો, તો હમે જે ઉપર સાંમાણ બતાવીઓ, તે તમારા અસતકમાં છે, તેની બારે તમો નોધ નથી બતાવી શકતા, તો તમો પોતેજ અંજુમન આ-

ગળ માફ માગો કે તમોને માફ કરે. તમો એમ જાણોચ કે તમો આવી ધાંધલ કરો તો અંજુમન તે ઉપર દરગુજર કરે, પણ તે કદી બ નવાતું નથી.

વાંચનારા શાહેબોએ જાણવું જોઇએ છે, કે એ દેશાઇ આતશબેહેરાં- મમાંથી સાંમણ તફરગો થયો છે, તે હવે વધારે તફરગો નહીં થાય, એટલા માટે હમો માલકીપણું ચલાવવા માંગીએ છીએ, એમ કહે છે તે ખોટું છે. પણ ખરૂં કારણ તો એજ છે કે પેલી કેહેવત મુજબ, કનકી ગઇ પણ ધ- નકી નહીં ગઇ, તેમ આગલા દમામી વખતમાં, જે ધનકી મગજમાં ભરાએ- લી, તેની ધુંઇ હાલ તદન જતી નહી રેહેવાથી તેઓને બહુ દુખ લાગે છે. અને આજે સરકારમાં તેમજ અંજુમનમાં, આગળના જેટલું માંન નહીં મળવાથી સરકારની સાંમે તો થવાતું નથી, ત્યારે અંજુમનમાં માંન મેળ- વવાને ખાતર, અંજુમનનાં સુલેહ સંપજથી ચાલતા વહીવતમાં માંથું ઘા- લી, મોટાઇ મેળવવા માંગે છે. પણ જ્યારે અંજુમન એવણને કસી દાદ આપતી નથી, તારે નીરદોશ માંણસો ઉપર બોહોતાંનો મુકી તેઓને સતા- વવાનું લઇ બેઠા છે. તો હમો કહીએ છીએ કે એમ ઇજત મળવાની ન- થી. આગળ તમારા વડીલોને લોકો નમતા હતા, તે તેઓની મામલતદારી- ના દમાંમને લીધે, અને અંજુમન સાથે તેઓએ જે લાયકી વાપડી હતી, તેને લીધે હતું. પણ જયારે તમો આજે તેવા સરકારો ઓધા મેળવવાને બે નસીબ અને અશકત થયા છેવ, તો તેમાં અંજુમનનો શું તકસીર? દરેક માણસને માંન તેનાં ઓધા અને લાયકીને સર હોય છે. અને તેમજ જે જે ગાયકવાડી અમલદારો, શું હીંદુ, કે પારસી, કે મુશલમીન આવે છે, તેને લોકો તેનાં ઓધાને સર માંન આપે છે. તેમજ હાલમાં તમારાં ખાંનદાંનમાંથી જેઓ અંજુમનની સાથે લાયકીથી વરતે છે, તેઓને અં- જુમન પુરતું માંન આપે છે. પણ જો તેવું માંન તમોને જોઇતું હોય તો તે મેળવવાનો રસતો એજ છે, કે મગજમાંથી હુંપણું કાઢી નાંખવું. વળી જો તમોને સરકાર તરફથી માંન જોઇતું હોય, તો તમો નાંમદાર ગાયકવાદ સરકાર પાંસે ફરીઆદ થાવ, જો તે નાંમદાર તમારૂં નહીં સાંભળે, તો પ- છી પેલી બાંહેધરી તો છેજ, તે લઇને પ્રીવીલ કાંઉનસીલમાં દોડી જાવ,

તયાંથી તો તમોને માંનની સનદ જરૂર મળશે, તો પછી નાંમદાર ગાયકવાદ સરકાર પણ બીહીને ઉઠીને તમોને સલાંમ કરશે.

આટલું બોલવા પછીથી હમારાં ઉપલાં બોલવાનાં ટેકામાં, દેશાઈ તવારીખમાંથી હમો એજ બાબદને લગતો એક ફકરો અતરે રજુ કરીએ છીએ, કે જે ઉપરથી વાંચનારી આલમની ખાતરી થશે, કે હમો કેહેજીએ છીએ તે કેટલે દરજે ખરૂં છે.

## છેલી સાહેબી.

"ખરશેદજી રૂશતમજી દેશાઇનાં મરણ પછી જો કે આજ સુધી આપણા ખાનદાંનનાં હાથમાં વતન વજીફા વગેરે રહયા છે તો પણ અસલનો દમાંમ રહયો નહીં. કેમકે ગાયકવાડની છેલી ઇતરાજી પછી, હકુમત નહી સરખી થઇપડી અને ઇનસાફ વગેરેનું કાંમ ગાયકવાડનાં ખાસ માંણસોને મલ્યું. ખરશેદજીભાઇ પછી તેમનાં બીજા ભાઇ હોરમજીભાઈ કુટુંબમાં વડા હોવાથી સાતમાં દેશાઇ થયા. પણ તે વખતથી દેશાઇગાંરી જેવું કશું નહતું. હકુમત, સાહેબી, દમાંમ, સઘલું ગાયકવાડ સાથનાં જગડા પછી નહીં સરખું થઇ ગયું. હોરમજીભાઇ પછી નવા યાને આઠમાં દેશાઇ તેહેમુરશભાઇ થયા અને તેમનાં પછી નવમાં બરજોરજી નારોજી, દશમાં મંચેરજી હોરમજી, અને અગીઆરમાં મંચેરજી એદલજી એક પછી એક દેશાઇ થયા. છેલા સાહેબ હાલ વડા દેશાઇ દાખલ હઇઆત છે. પણ નવશારીની અંજુમનમાં તેમણે જે માન મળે છે, તે ઉપરાંત દેશાઇ દાખલનું અસલી સરવે માંન અકરાંમ બંધ પડી ગયું છે. એ રીતે ખરશેદજીભાઇ પછીથી બીજા પાંચ દેશાઇઓ થયા છે, પણ તેઓ સઘલા **નાંમનાંજ** હતા........ ત્યારપછી આજ દેશાઇ ખાંનદાંન એક ખાંનગી જમીનદારની જીંદગી ભોગવે છે."

આએ લખાંન ઊપરથી વાંચનાંગ શાહેબો જોઇ લેશે, કે એઓ હાલનાં વખતમાં ફકત નાંમનાંજ દેશાઇ હોવાને લીધે, અને ખુદ નામદાર ગાયકવાડ સરકારનાં અને લોકોનાં તરફથી દશતુરજી શાહેબને વીશેશ માંન મલવાને લીધે, અંજુમનમાં સુલેહ સંપજથી ચાલતા આવેલા વહીવટમાં માંથું ઘાલી મોટાઇ લેવાના ફાંફાં મારે છે. તો જો કે નાંમદાર ગાયકવાદ સ-

કારનાં તરફ, એવું માન મેળવવાને તેઓ કાંઇ પણ દાવો ઉઠાવી શકતા નથી, પણ અંજુમનમાં તો જાસતી કરી તેવુ માંન મેળવવાને દાવો ઉઠાવે છે.

એ આતસબેહેરાંમ દેશાઇ ખુરસેદજીએ પોતાના પૈસાથી પરથેલા છે, તેનો જ્યારે દસ્તાવેજી પુરાવો એ દેશાઇ બતાવવાને વાસતે તદન અશકત છે, ત્યારે જે દસતાવેજી પુરવાની ઘણીજ મજબુત ! દલીલ રજુ કરી છે તે શેઠ બેરાંમજી સોરવૈએ આપેલાં રૂપાંનાં આફરંગાનીઆં વખતે લખી આપેલો જુલમી અને ધીકારભરેલો દશાતાવેજ, મોટી ઉકમાઇથી એ લોકોએ પરગટ કરાવેલો છે. પણ તે દશાતાવેજ જો એ લોકોએ પરગટ નહીં કરાવ્યો હતે, તો તેમાંજ એ લોકોની અને એઓનાં મરહુમ બાવાજીની સોભા હતી. એ દશાતાવેજ પરગટ થવાથી એ લોકો કેટલા જુલમગાર હતા, તે ઉલટું આલમની આગલ જાહેરમાં આવ્યું છે. અને તેથીજ એ દસતાવેજની નોધ હમો અતરે લઇએ છીએ.

શ્રી

શ્રી દાદાર હોરમજદ સાહેબની મદદ હમેશાં હોજો.

દેશાઇજી માનોચેરજી ખોરશેદજી સાહેબનાં વારેશો જોગ લી० આ० બેરાંમજી નશરવાંનજી સોરવઇ; જત શ્રી નોશારી કસબા મધે તમો શાહેબનાં બુજરોગોનાં બનાવેલા પાક પાદશાહ આતશબેહેરાંમ સાહેબ છે, તમાં રૂપાનું પાતરૂં હમોએ બનાંવીને ચઢાવવા સારૂ તમો શાહેબોને અરજ કરી, તે તમો શાહેમોએ કેટલાંક કારણોને લીધે મને એ રૂપાંનું પાતરૂં ચઢાવવા નાંખુશી બતાવી, તેથી મેં દલગીર થાઇને તમો શાહેબને કેટલીક આજીજી કરી, તે ઉપરથી તમો શાહેઓએ મને મોટી મેહરબાંની કરીને રૂપાંનું પાતરૂં ચઢાવવાની રજા આપી. તેથી તમો શાહેઓનું મોટું હેશાંન માંનીને, આજ મુબારક રોજ ૬થો ખોરદાદ અમશાશપંદ માહ્ડા ૩જો ખોરદાદ અમસાસ પંદ સેહેનશાહી શને ૧૨૩૬ને રોજે, ઉપલા તમો શાહેઓનાં આતશબેહેરાંમ શાહેબમાં રૂપાનું પાતરૂં મેં ચઢાવ્યું છે. તે ઉપર આજ પછી મારો તથા મારા વારેશ વકીલોનો દરેક તરેહનો કસો હક ઇલાકો નથી.

બીજી અરજ એ છે જે આજ રોજે ઉપર લખેલું રૂપાંનું પાતરૂં, તમો શાહેઓએ મને ચઢાવવા દીધું છે, તે વખતે જસન તથા કોરીઆનું કાંમ વીગરે મેં કરાવવાની તમો શાહેઓ પાસે રજા માંગી, તોપણ તમો શાહેઓએ મારી પાંસે ન કરાંવતાં, તમો શાહેબોના ઘેરના ધારા મુજબ જશન તથા કોરીઆનું કાંમ, તથા પાદશાહ તખતનશીન થાય તે વખતની માંચી, એ શરવે તમો શાહેઓએ તમારા ખરચથીજ કીધું છે. તેથી તમો શાહેબોનો મોટો ઉપકાર માંનીને, આ અરજ મેં મારી રાજી ખુશીથી તથા અકલ હુંશીઆરીથી તમો શાહેબોને લખી આપી છે તે મારે ને મારા વારેસ વકીલોને સરવેને કબુલ મંજુર છે સહી. રોજ ૯થો મા ૩જો શને ૧૨૩૯ યજદેજરદી.

૧ આ૦ બેરાંમજી નશરવાંનજી શીરવઇ

શહી દા. પોતાનાં.

હવે આ દશતાવેજની તપાસ આપણે કરીએ. એ દશતાવેજમાં સ-રૂઆતમાં લખે છે કે "દેશાઇજી મીનોચેરજી ખુરશેદજી શાહેબનાં વારેશો જોગ લા૦ આ૦ બેરાંમજી નશરવાંનજી સીરવઇ, જત શ્રી નવશારી ક-શબા મધે તમો શાહેબનાં બુજરેગોનાં બનાંવેલાં પાક પાદશાહ આતશબેહે-રાંમ સાહેબ છે."

આએ વાકય દેશાઇ ખુરશેદજીના માલકીનાં આતશબેહેરામ હોય એવું બતાવતો નથી. પણ દેશાઇ બરજોરજી નવરોજી વીગરેનાં કોઇ બુ-જરેગોએ પરથેલા હોય એવું બતાવે છે. અને દેશાઇ મંચેરજી ખુરશેદજી તો નહીંજ. કારણ કે તેવણનો કોઇ ભાઇ ભાગીઓ તે વખતે હતો નહીં તારે મંચેરજી દેશાઇનાં છોકરાઓએ એ આતસબેહેરાંમ પરથેલા હોય એ-વું આ લખાન ઊપરથી માલમ પડે છે. તો હમો કહીએ છીએ કે જે વખ-તે એ આતશબેહેરાંમ પરથવામાં આવ્યા તે વખતે તો એ છોકરાઓનો જ-નમ પણ નહીં હતો. તો હમો પુછીએ છીએ કે તારે એ આતશબેહેરાંમ કયા બુજરેગોએ પરથેલા છે ? જ્યારે એક ગમથી એ લોકો એવું કહે છે કે એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીએ પરથેલા છે, અને બીજી ગમથી એ-

મ બોલે છે, કે તે હમારા બુજરોગોએ પરથેલા છે, તો આપણે કહી વાત ખરી માંનીએ ? અમો કહીએ છીએ કે એ બંને વાત ખોટી છે. અને તે વાંચનારા સાહેબોએ પેહેલા ભાગમાં જોઇ લીધું હશે.

વલી એ વખતે જશન વીગેરે સઘલું કીરીઆ કાંમ શેઠ બેરાંમજીએ પોતે ખરચ કરીને કરવા છતાં, તે જાંને એ દેશાઇએ પોતેજ પોતાનાં ખરચથી કીધું હોય, તેમ લખાવી લીધું છે ! ! ! પણ એ વાત એટલી તો પરસીધ છે, કે તેની સાબેતી આપવાની કસી જરૂર નથી ૧ કારણકે એજ જસનની મીજલશમાં દેશાઇ બરજોરજીએ, શેઠ બેરાંમજી સીરવઇને હાથથી રૂપીઆ પચીશની આસોદાદનો બોભો ભર્યો હતો, તે છતાં પણ જ્યારે એ લોકો એમ લખાવી લેએ છે, કે તે સઘલું હમોએજ કરયું હતું, તો પછી એ આતશબેહેરાંમ શાહેબ જે સવાસો વરશની વાત ઉપર પરથવામાં આવેલા છે, તેને માટે પણ એમજ કહે, કે તે હમારા દેશાઇ ખુરશેદજીએ પરથેલા છે; તો તેમા અચરત થવા સરખું કાંઇ નથી. હજુર હમો બેરાંમજી સીરવઇનાં ધન ભાયગ સમજીએ છીએ, કે તેઓ આટલુંજ દુખ ખમીને સહીસલામત પાછા મુંબાઇ ગયા છે, નહીં તો જો એવાણને ત્યાં મામલતદારીનો અમલ હતે, તો શેઠ બેરાંમજીનો હાલ કેવો થાતે, તે વાત તો શેઠ બેરામજીજ જાણતે.

હવે એ દશતાવેજ કેટલા જુલમાતથી લખાવી લીધો છે, તે વાત હમારી તરફથી કહેવાનાં કરતાં, તેજ વખતે એ દશતાવેજ કેમ લખાવી લેવામાં આવ્યો છે તેનું ખરેખરૂં ચીત્ર રાસ્ત ગોફતારમાં એક નજરે જોનારની શાહીથી છપાયું છે તે હમે સદાગરૂં અતરે પરગટ કરીએ છીએ. એ ઉપરથી વાંચનાર જોશે, કે એક ધરમ કરતાં શેઠ બેરામજીને શું શું ખમવું પડયું છે. પણ હમો એ દેશાઇને જણાવીએ છીએ કે પેલી કેહેવત મુજબ અન તેનુંજ પન અને રાંધે તેનો ધુમાડો એ વાત તેઓએ નકીજ જાણવી.

---

૧ હજુર પણ દર વરસ એ જસન શેઠ બેરાંમજી પોતાનાં ખરચથી કરીઆ જાય છે.

# નોસારીના દેસાઇનાં બચાવનો ૨૬ જવાબ.

ચાલતા મહીનાની તા૦ ૨૦ મીનાં રાસત ગોફતાર મધે "નાવશારીનાં દેશાઇનો બચાવ" હેવાં મથાલાં હેઠલ જે ચરચા પતર પરગટ થઇઉં છે તે તદન શચાઇથી વેગલું છે, તેમજ બરજોરજી દેશાઇનો ખોટો બચાવ કરવાની તરફેણમાં હોવાથી તે બીનાંનો ૨૬ જવાબ રૂપાનાં પાતરાંની બાબદમાં શહરૂઆતથી તે શેવટ સુધીનો હેવાલ હેઠલ પરગટ કરીઓચ તેથી એ ચરચા પતરીની તથા સરવે જરથોશતી વાંચનારાઓની પકેણું ખાતરી થાશે, ને ફરીથી હેવી બારીક બાબદમાં વગર વીચારવે પગલું ભરતાં શભાલ રાખશે.

"ભાંએ પડેલાંને છુંદવું અને મુવેલાંને મારવુ"—વરતમાન પતરોનું તથા બીજા લખનારાઓનું કામ નથી, પણ તેવોનુ કામ તો પડેલાને છુંદનાર અને મુવેલાંને મારનાર પેલા નોવશારીનાં દેશાઇ કે જેવોનાં મરેલા અને મારેલાએ હજુર શુધી નોશારીમાં રીબેચ તે દેશાઇનો ચોતાર આલમની શામણે મેલવાનું છે. અને હાલની દેશાઇની જુલમ ભરેલી ચાલથી બેરામજી શારવઇએ જે દુખ શોશીઉં છે તે બાબેની ઘટતી રીતે ચરચા કરી છે તેહેમાં તેવોએ કાંઇબી વધારી મેલીઉં નથી.

ભાઇ બેરામજી શારવઇના મલતીઆ તથા બીજાઓએ દેશાઇનો ખરો હેવાલ લખેઆ હોએ તેહમાં તેવોએ કાંઇબી અનઘટતું કીધું નથી પણ આખા જરથોશતી ટોલાની તરફની ઘટતી ફરજ બજાવી છે.

"નોશારીનાં કશબા મધે આજ પચાસ વરસ ઉપર ધાર આવતી હતી તેથી તહાંના લોકોએ આતશબેહરાંમમાં હલકી કીમતનું પાતરૂં રાખવાની મરજી રાખી હતી" તેઆરે શર જમશેદજી જીજીભાઈ બારોનેટવાલી મલેશારવાલા અગીઆરી મધે તે મકાનનાં મુતવલીઓએ રૂપાંનું પાતરૂં ગએઆં દશ વરશ આગમજથી શું કરવા મેલીઉં હતું, અને તે મે-

લીઉં તે વખને તે મકાનનાં મુતવલીઓ તથા નોવશારીનાં રેહેવાશીઓએ કાંઇ દરીઆફત કીધો નહી હશે—અને આજ લાંમબી મુદત થાઇ તે રૂપાનાં પાતરાં ઊપર કોઇબી ધાર આવી નથી તથા હાથ ફરીઓ નથી તેથી માલમ પડેચ કે ધાશતી રાખવાનું કશું કારણ હવે રેહેઊં નથી. પણ માતરે દેશાઇનો બચાવ કરવાને એક ઓરંગો મારેઓ છે.

કદાચને એમ કેહેશે કે એતો આદરીઆંન છે, પણ એજ દેશાઇ વાલા આતશબેરાંમ મધે પાહાદશાનું પાતરૂં રાખવાની જાગાનાં માથાં ઉપરનાં ગુમબજ ઉપર મુંબઇ વાલા **બોડનાં** ખાંનદાંન વાલાવોએ આશરે પંદર વરશની મુદત ઉપર રૂપાંનું **તાજ** મેલાવીઉં હતું તથા બીજા બીજા શખશોએ રૂપાંની ચમચો—ચીપીઆ—શાંકલ—ઘાંટો તથા તોરંનો મલીને આશરે આઠ દશ હજારની કીમતનું મોકલેઉં હતું, તેઆરે શુ નોવશારીનાં રેહેવાશીઓને અને દેશાઇને ધારની ધાશતી લાગી નહી હતી?

"લખત લખાવી લીધુ"—એમાં દેશાઇએ ભારે તકશીર કરી આપ ખુદ્દી વાપરી છે એમ શરતે કોઇ કબુલ કરેચ. તેમજ એ દેશાઇને હમો તથા બીજા ઘણાંએક જરથોશતીઓ મુંબઇનાં આતશબેરાંમનાં મુતવલીઓની બરોબરનાં અખતીઆર ધરાવનાર દાખલ કવચીત કબુલ કરનાર નથી—પણ મુંબઇનાં આતશબેરાંમનાં મુતવલીઓ કરતાં હજારો દરજે વધારે જુલમ ભરેલો શતા ધરાવનાર કેહોએતો તે અનઘટતું નહી કેહેવાએ કાંએ જે મુંબઇનાં આતશબેરાંમનાં મુતવલીઓ નોશારીનાં દેશાઇની મીશાલે કોઇ પુંનનું કાંમ કરનારને આરે આવતા નથી, અને તે ધણીની મેજ અને શુખરનાં વેહેરની બે બે તોપલી ઉપર તથા બીજી બાબદો ઉપર ચીબાવલાપણું વાપરી તેવોનો હક છીનવી લેતા નથી, અને પોતાની હલકાઇ બતાવતા નથી—જેમકે દેશાઇએ બેરાંમજી શીરવઇને કબુલ કરાવેઉં કે પાતરૂં ઇજાએ તે મચેરજી દેશાઇને નાંમે અને ફરમાએશનીમાં શેવટે ગુપચુપ પણ જબરીથી દેશાઇ તેહેમુરશજીનું નાંમ લેવરાવેઉં, અને શેવેટે જાલમી ભરેલું લખત લખાવી લીધું. એ મીશાલે મુંબઇનાં મુતવલીઓ કવચીત કરતા નથી અને આજ દંન શુધી કીધુંબી નથી.

પણ તેવો થોડીઘણી શતા ધરાવેચ તેબી પોતાનાં એખલાનાં શક-માઇનાં પઇશાથી બંધાવેલાં મકાંન ઉપર, અને જો કોઇ જરથોશતીએ તે મકાંન મધે પોતાની મરજીથી કોઇબી ચીજ અનજુગનનાં વાપરવાશને વાશતે મોકલી હોએ તો તેહેવા ધણીનો ઉપકાર માંનેચ, અને નહીં કે દેશાઇની મીશાલે પારકા ધણીઓથી બંધાએલાં આતશબેરાંમ ઉપર પોતાની શતા ચલાવી પુંનનાં કાંમ કરનારાઓને નાઉમેદ અને નાશેપાએશ કરતા હોએ.

કાંએ જે નોશારીનું આતશબેરાંમ ઘણાએક જરથોશતીઓનાં આશરાથી ઉભું થાએલું છે અને હાલબી તેહેવાજ આશામીઓનાં આધારથી એ મકાંનનો વહીવટ ચાલેચ. તે શઘલું દાખલા શુધાં નીચે જણાવવાની રજા લેઇજીએ છઇએ.

## દાખલો ૧લો.

## નોવશારીનાં આતશબેરાંમ મધે તખતી કોરેલી છે તેહેની નકલ.

સવંત—૧૮૬૫નાં ભાદરવા વદ ૧૩ને વાર શની—રોજ ૧ લો માહા ૧ લો—દેશાઈ મનચેરજી ખુરશેદજી તથા વાડીઆજી નુશરવાહજી માંણેકજીએ આ આતશબેરાંમની દરગા બંધાવી. શને ૧૧૭૮ પારશી."

## દાખલો ૨ જો.

"એ આતશબેરાંમ બંધાએઆ પછે થોડે એક વરશે શેઠ મનચેરજી શેલખરીઆએ આશરે રૂપીઆ છઅ હજાર રૂ ૬૦૦૦) ખરચીને એ મકાંનને લગતી બીજી ખાલી જગા વેચાતી લેઇને એક મોહોટો ઓટલો બંધાવી આપેઓ છે."

## દાખલો ૩ જો.

"નોઆરપછે શુરતવાલા ખરશેદજી દશતુરે ઘણાએક રૂપીઆ ખરચીને છાપરૂ તથા બીજી મરાંમત કરાવી આપી હતી."

હેવાં એક અનજુમનનાં ખરચથી ઉભાં થાએલાં આતશબેરાંમ ઉપર એ દેશાઇ જુલંમ ભરેલી શતા ચલાવે તેહેવા શખશને મુંબઇનાં આતશ બેરાંમનાં મુતવલીઓ શંગાથે એ લખનાર મોકાબલો કરી તેહેનો બચાવ કરવા માંગેચ તેહેને બદલે એ લખનારે એ દેશાઇને "મુજાવર" અથવા 'તપેદંન" નો એલકાબ આપી તેહેની શંગાથે મોકાબલો કીધો હતેનો તે હમો અંનઘટારત નહી કેહેને.

એ લખનાર પોતાનાં છેલલા ફકરા મધે જણાવેચ કે "પાતરૂં દેશાઇને નાંમે ઇજાએઉં એ ચાલ પુરાંણી છે." નાં નહી, એ વાત બીલકુલ ખોટી છે, કાંએજે બેહેરાંમજીનાં બાવા નશરવાંનજી શીરવઇએ આગલ જે કોપરબરાશનું પાતરૂં એજ આતશબેરાંમ મધે મેલીઉં હતું તે વખતે હાલની મીશાલે કાંઇજ બનેઉં નથી, પણ પાતરૂં ઇજવાનાં ખરચનો આંકરો દશતુર રૂશતમજીએ ચુકવી લીધો હતો અને તેજ દાખલો બેરાંમજી શીરવઇએ દેશાઇ બરજોરજીને આપેઓ હતો, તેઆરે દેશાઇએ પાખ બેહઆઇથી જવાબ દીધો હતો કે તે દેશાઇઓતો દાહેઆ ? હતા, વાશતે માહારા કેહેવા પરમાંણે ચાલશોતો પાતરૂં આતશબેરાંમ મધે મેલવા દઇશ, નહીતરકે પાછું મુંબઇ લેઇ જાવું પરશે.

હવે શેવટે એ લખનાર આંકરાનો હીશાબ બતલાવેચ કે—"દેશાઇ બરજોરજીએ આંકરો રૂ૧૪ાાનો દશતુરજીને તથા બીજો રૂ૭ાા નો દેશાઇજીનાં વડા છોકરા શેઠજીભાઇને ચુકવી આપેઓ છે"—નાં નહી, એ શંઘલી પછવાડેથી બનાવટ થાએલી છે.

તે એમકે દેશાઇજીનાં જુલંમ બાબેની ફરીઆદનો પોકારો વરતમાંન પતરો મધે ગાતો ચાલેઓ તેઆરે દેશાઇજી તથા તેહેનાંનો છોકરો મલીને દશતુરજીને ઘેર ગએઆ અને પગે લાગીને કેટલીએક કાકલુદી કરી અરજ કીધી કે આએ આંકરા ઉપર શાહી કરી આપો. તેઆરે તે આંકરો તપાશીઆ છે. દશતુરજીએ કહેઉં કે એકીરીઆનો શંઘલો ખરચ બેહરાંમજી શીરવઇએ આપેઓ છે તે મધે તહમારા છ આંનાંનાં એરંડીઆંને બલલે દીવાનાં ગલાશ મધે ઘીંઇ બારેઉં હતું, તથા શુખરનાં વેહેરની બેએ તોપલીને બદલે તરણ ગુન આશરે રૂ૭૫) નાં પોતાની શાથે લાવેઆ હતા કે જે મધેથી બે-

એ નોપલી ભરી તહમોને આપેઓ હતો, અને પાતરૂં ઇજનાર મોબેદ જમશેદજી રતનજી કુટાર તથા માણેકજી દાબુ અને બમનજી ફ્રેકોબાદજી દશતુર મલી જણ તરણને તેહેનાંની મેહેનતનાં રૂ૨૫) આપેઆ હતા, તથા તે દરએક મોબેદને નવાં કપરાં જોરાથી તે પાગરી શુધી આપેઆં હતાં, અને તહમો આંકરા ઉપર શહો શાંની કરાવોચ? અને વલી તહમોએ માહારા કીઆ આંકરા ચુકવી આપેઆ છે કે આએ આંકરા ઉપર ખોટી શહી કરૂં.

દશતુરજીના હેવા શખત જવાબ ઉપરથી દેશાઇએ અને તેહેનાં છોકરાએ અતાશે આજુજી કીઆથી દશતુરજીએ શહી કીધેલી શાંભલીઆમાં આવીચ. વાશતે હમો દશતુરજીને ચેતવાણી આપીએચ કે આટલી બધી હુજત છતાં જો શહી કીધી હશેતો ઘણું અનઘટતું કીધુ છે, અને જો શહી નહી કીધી હોએતો ખોલાશો કરવો.

એ રૂપાંનું પાતરૂં ચહરાવવાની કીરીઆ તથા બનાવવાની આગમજ દેશાઇજીનો હોકંમ લીધો હતો, તે કેટલીએક વખત પાછો ફેરવેઓ હતો અને કેટલા વાંધા લીધા હતા તથા શેવટની ઘડી શુધી દેશાઇ બરજોરજીએ ભાઇ બેહરાંમજી શીરવઇને કેહેવી રીતે રંનજીદા કીધા હતા તે બાબેનો બોલેબોલ ખોલાશો જણાવવાની રજા લેઇજીએચ.

પરથમ ભાઇ બેરાંમજી શીરવઇ આશરે એક વરશની વાત ઉપર નોવશારી ગએઆ હતા તે વખતે બેરાંમજીને દશતુરજી શંગાથે મોલાખાત થાએઆથી બેરાંમજી શીરવઇએ પોતાની મરજી આતશબેરાંમ મધે રૂપાંનું પાતરૂં ચહડાવવાની જણાવી. તે શબબથી દશતુરજીએ નોવશારીનાં દેશાઇઓને પુછેઆ પછે બેરાંમજીને જણાવેઉં કે શુખેથી રૂપાંનું પાતરૂં મેલો. તેઆર પછે બેરાંમજીને રોકાંનનાં શબબથી છઅ માશ શુધી એ કાંમ બજાવવાને ફરશુદ નહી મલેઆથી છઅ શાત માશ પછે એટલે ગએઆ ફ્રવરદીન માશનાં શહરૂઆતમાં બીજી વખત નોવશારી ગએઆ તેઆરે દશતુરજીની મોલાખાત લીધા પછે ફરીથી હોકંમ માંગેઓ, તેઆરે દશતુરજીએ કહેઉં કે દેશાઇ બરજોરજીને તથા બીજા દેશાઇઓને ફરીથી પુછાવી મંગાવીને હોકમ આપુ કરીને દસતુરજીએ તરણ શખશોને નાંમે મેહેરજીરાંણાં તથા ફરાંમજી કાવશજી દેશાઇ અને ફરદુનજી ભેદવારને મોકલેઆ, તેવોને દેશાઇ બરજોરજીએ જવાબ દીધો કે—"શુખેથી નેક કાંમ ફતે કરો અને

ધહશે ધરી શું કરવા પુછવા આવોચ"—એ પરમાંણેના જવાબ મલેઆ પછે દશાતુરજીએ મુંબઇ ખાતે દેશાઇ તેહેમુરશ ઉપર કાગજ લખી રજા મંગાવી. તેહેનાં જવાબ મધે કાગજની મારફતે દેશાઇજી લખેચ કે "તહમે આગમચથી રજા આપી તેહેને હવે નાંઉમેદ કરવો હમોને દારશત લાગતું નથી, હરકોઇ પોતાની ખુશી ઉમેદ મુજબ ચહડાવે તેહેની કાંઇજ હરખત નથી." એ પરમાણે દશાતુરજી ઉપર લખેઆ પછે દેશાઇ તેહેમુરશજીએ બીજાં બેએ કાગજ દેશાઇ બરજોરજી અને દેશાઇ દોશાભાઇ ઉપર લખેઆં અને તેવોનેબી એજ મીશાલે લખાં જણાવેઉં, તે શબબથી દેશાઇ બરજોરજીએ તથા દશાતુરજીએ બેરાંમજી શોરવઇને રૂપાંનું પાતરૂં આતશબેરાંમ મધે ચહડાવવાનો હોકમ આપેઓ. પછે પાતરૂં તઇઆર કરાવવાની શઘલી તજવીજ કરીને પોતાનાં અગતનાં કારણશર બેરાંમજી શોરવઈ અમદાવાદ ગએઆ, તેહેને થોડા દાહાડા નહી થાએઆ તેટલામો દશાતુરજીએ બેરાંમજી ઉપર રોજ રપમો માહા ૧ લાને દને એક કાગજ લખીઓ તે મધે જણાવીઉં કે—"વલી બરજોરજી દેશાઇએ પાતરૂં ચહડાવવાનો ફરીથી અટકાવ કરો છે" તે વાંચીને તેવન પોતાનો ધધો છોડી તાજુબી શાથે તુરત પાછા તરીજીવાર નોશારી આવેઆ, અને દશાતુરજીને મલેઆથી દશાતુરે ફરમાશ કીધી કે બરજોરજી દેશાઇ પાશે જાવો, કાંએ કે તેવોએજ અટકાવ કરાવેઓ છે. તેવારે બેરાંનજી શોરવઇ પોતાની શંગાથે રૂશતમજી માડંન તથા શોહોરાબજી મેહેતા અને ફરદુનજી ભેદવારને લેઇને બરજોરજી દેશાઇની પાશે ગએઆ, અને કહેઉં કે "શાહેબ તહમોએ પરથમથી રજા આપી અને વલી પાછી શું કારણ અટકાવોચ." તેવારે દેશાઇએ જવાબ દીધો કે "હમારા મુરબી તેહેમુરશ મુંબઇ છે તેવંનનો કાગલ આવેઓ છે પણ શફાઇ ભરેલો નથી તેથી બીજો શફાઇ ભરેલો કાગજ તેહેમુરશ ભાઇનો લાવો તો હું ખુશીથી રજા અપું"—તેવારે બેરાંમજી ઉપલા શખશો શંગાતે પાછા મુંબઇ ગએઆ અને તેહેમુરશ દેશાઇજી શાહેબને મલેઆ અને કહેઉં કે "શાહેબ તહમોએ પરથમ મજને માહારા મલેઆ વગર રજા લખી મોકલી તે શબબથી શેવક તહમારો આભારી થાએઓ હતો" પણ બરજોરજી દેશાઇ તહમારે નામે કેહેચ કે "તહમો શાહેબનો બીજો શફાઇ ભરેલો કાગ-

જ આવે તો રજા આપુ" તેઆરે તેહેમુલજી દેશાઇ શાહેબે કહેઉં કે "હું તો એકવાર રજા આપી ચુકો તેથી માહારાં તરફથી તહમોને કશી હરખત નથી અને હુંએ એક વખત હા કહેઉં તો કવચીત ના કેહેનાર નથી" વાશતે તહમો નાશારી જાઓ અને માહારે જે લખવું હતું તે હું લખી ચુકેઓ છેઉં તથા તહમારી પછાડે ફરીથી લખશ, પણ માહારો શખુન કરીને એટલી શંભાલ રાખજો કે દેશાઇ બરજોરજી અને દશાતુર કેકોબાદજી વચે બખેરો નહી ઉઠે, કાંએ જે એ બધે શાહેબ વચે ઘશાતુ ચાલેઉં જાએ છે વાશતે તહમારૂં કાંમ શમાધાની શાથે શરંનજામ પોહોંચાડીને મજને લખી જણાવજો.

હવે બેરાંમજી શીરવઇ દેશાઇ તેહેમુરશજીથી વાકેબ થાએઆ પછે પાછા નોવશારી ગએઆ અને વલીફરીથી બરજોરજી દેશાઇને મલેઆ અને જે જે શખુનો નેકનાંમ દેશાઇજી તેહેમુરશજીએ કહેઆ હતા તે બેરાંમજીએ દેશાઇ બરજોરજીને કેઇ શંભલાવેઆ, તેવારે બરજોરજી દેશાઇએ જવાબ દીધો કે "નહી માહારા ઉપર કાગજ આવેઓ નથી"—એવો જવાબ દીધાથી એજ બાબે ભાંજગડ થાતી હતી, તેહેવામાં તે જાગા ઉપર નેકબખત પેશતંનજી દેશાઇ આવી લાગા અને પુછપરછ કરી તેહેવારે બરજોરજી દેશાઇ ટેહેમુરશ દેશાઇજીના કાગજની વાત નામુનકેર ગએઆ, તેવારે પેશતંનજી દેશાઇએ બરજોરજીને કહેઉ કે "તહમો જે તે એક હા ઇઆ નાનો જવાબ દેવો અને અમશથા અરાવીઆ શું કરવા કરોચ—તથા ટેમુરશ ભાઇનું કાગજ આવેઉં છે તે વાંચી દેખારો" તેઆરે બરજોરજી દેશાઇએ ભર મીજલશમાં તે કાગજ વાંચી શંભલાવેઓ. તે મધે શાફ લખેઉં હતું કે "તહમોએ નવરોજજી ખેશાવાલાની મારફતે કાગલ મોકલો તે પોહોતો છે—પણ તહમોએ આગમજથી રજા આપી તેહેને હવે નાઉમેદ કરવો હમોને દરૂશત લાગતું નથી. હરકોઇ પોતાની ખુશીથી ઉમેદ મુજબ ચહડાવે તેહેનો કાંઇજ હરખત નહી."

તેવારે બેરાંમજી બોલીઆ કે દેશાઇ શાહેબ, આએ શું ! તહમારા મુરબીનો શફાઇ ભરેલી રજા આપી ચુકાએ તેઆરે શાંને વાશતે હેરાંન કરોચ. તેવારે બરજોરજી દેશાઇ બોલેઆ કે "હું રૂપાંનું પાતરૂં ચહડાવવા

દઉં, પણ જો કોઇ તરાંબાંનું પાતરૂં ચહડાવેં તો તેબી ચહડાવીએ અને રૂપાંનું પાતરૂં ઉચકી નાખીએ." તેવારે બેરાંમજીએ કહેઉં કે એમ કેમ બને, પણ જો કોઇબી શખસ શુધ શુનાનું પાતરૂં ચહડાવે તો શુખેથી ઉચકાવો. તેઆરે પેશતંનજી દેશાઇજી બોલાઆ કે બેહેરાંમજી કેહેચ તે ખરી વાત છે, કાંએજે રૂપાંનું કાહાડી તરાંબાંનું નહી મેલાએ પણ શુનાંનું હોએતો શુખેથી ઉંચકો. તેવારે બરજોરજીએ બેરાંમજીને કહેઉં કે "જાવો ટેમુરશજીના ભતરીજા ડોશાભાઇ દેશાઇને મલો અને તેવંણનો હોકમ શાંભલો." તેહેવારે શાહવારના દશ કલાકને અમલે બેરાંમજી શીરવઇ તથા રૂશતમજી અને ફરદુનજી તથા દશતુર મેહેરજી રાંનાં મલીને દેશાઈ ડોશાભાઈ પાશે ગએઆ અને શંઘલી બાંનાંથી તેવોને વાકેફ કીધા, તેવારે તેવણે કબુલ કીધું કે હા મારા ઉપર મુંબઇથી તેહેમુરશજી દેશાઇનો કાગજ આવેએ છે તે કાગજ મધે શફાઇથી લખીઉં છે કે તહમોને આતશબેરાંમ મધે રૂપાંનું પાતરૂં મેલવાની રજા આપી છે, વાશતે તહમો ચેઆર કલાકને અમલે આવજો કે હમો દેશાઇ શાહેબોની મીટીંગ કરીને તહમોને રજા આપશું. તેવારે બેરાંમજી નવશારીથી પાછા શુરત પોતાના અગતનાં કારાણશર ગએઆ અને તીઆંથી બાજે દાહાડે પાછા નોવશારી આવેઆ અને દેશાઇ ડોશાભાઇ પાશે ગએઆ અને પુછેઉં કે શાહેબ મજને શું જવાબ દેઓચ.

તેવારે દેશાઇ ડોશાભાઇએ કહેઉં કે "હમો બધા શાહેબોએ તહમોને રજા આપવાનો ઠરાવ કરેઓ છે, પણ તહમોને ચેઆર વાત કબુલ કરવી પડશે." તે મધે પેહેલી એકે "હમોને મીંજલશમાં શેઆલ નહી આપવી" —બીજું—તહમારૂં રૂપાંનું પાતરૂં મનચેરજી દેશાઇને નાંમે ઇજાવવુ" —"તરીજું—તહમો જશન કરો તે હમારે નામનું કરવું"—અને ચોથું—"આતશબેરાંમ પાદશાહા તખતનશીન થાએઆથી શુખરની પેહેલી માંચી હમો ચહડાવાએ." તેવારે બેરાંમજીએ જવાબ દીધો કે તહમોએ એકવાર રજા આપી અને બીજી વખત અટકાવ કરીને હાવી નવાઇ જોહેવી અને તહમોને નહી ઘટે તેહેવી કબુલાત માંગોચ એ બનશે નહી, પણ શેવટે બેરાંમજીને શવાલ કીધો કે "બોલો એ વાત તહમોને કબુલ છે કે નહી" તેઆરે નાચારે બેરાંમજીએ કબુલ કીધું.

જેઆરે બેરાંમજી શીરવઈએ ઉપલી ચેઆર કબુલાત કબુલ રાખી તેઆરે દશાઇ ડોશાભાઈએ કહેઉં કે "જાવો તહમોને હમારા બધા દશાઇ શાહેબોની તરફની રજા છે." તેઆરે બેરાંમજીએ ખતીને પુછીઉં કે "શાહેબ હવેતો કાંઇ બીજી કબુલાત બાકીતો નથી રહી?" તેવારે ડોશાભાઈએ કહેઉં કે "અવાખશો પશેમાંન કાંઇજ નહીં."

પછે બેરાંમજી શીરવઇ બરજોરજી દશાઈને ઘેર ગએઆ અને શઘલી બીનાંથી વાકેફ કીધા, તેવારે બરજોરજીએ કહેઉં કે "શુખેથી પાતરૂં ચહડાવો, તહમોને માહારી બરપાઇની રજા છે."

એ મીશાલે દશાઇઓને ઘેર ઘેર રહજડેઆ પછે ભાઇ બેરાંમજીને તે દાહાડે બપોરનાં બાર કલાકને અમલે રજા મલી. તેઆરે પોતાને ઘેર જાઇ જરરા વીશાંમો લીએછે તેટલામાં બરજોરજી દશાઈએ દશતુર મેહેરજી રાનાંને મોકલીને કેહેવરાવઉં કે "તહમો પાતરૂં ચહડાવવાનો દાહાડો જે અરદીબેશ મહીનો અને આશતાદ રોજ ઠેડવેઓ છે તેહેને બદલે અરદીબેશત મહીનો અને દીનરોજે પાતરૂં ચહડાવવાનું ઠેરવો કાંએ જે તે દાહાડે હમારા મનચેરજી દશાઇની બાજ છે." જેહેવાંરે બેહેરાંમજીએ હેવો હોકમ શાંભલેઓ તેવારે દશાઇજી ઉપર ધીકાર બતાવીને ઇનકાર કરેઓ.

એ શઘલું થાએઆ પછે બેહેરાંમજી શીરવઇ મુંબઇ આવેઆ અને રોજ ૧ લો માહા ૩ જોને દંને રૂપાનું પાતરૂં લેઇને નવશારી ગએઆ અને તેજ દાહાડે દશતુરજીને તથા દશાઇજીને કેહેવરાવેઉં તેવારે ફરમાવેઉં કે એ પાતરૂં મોહોટી અગીઆરીમાં ઇજવા મોકલો, તે હોકમ મુજબ રોજ ૨ જો માહા ૩ જોને દંને અગીઆરી મધે લેઇ ગએઆ. પછે તીઆ તરણ દાહાડા સુધી ઇજાઇને કામ પુરૂં થાએઆ પછે છેક શેવટે પાતરૂં આતશબેરાંમ મધે લઇ જાવાને વખતે બરજોરજી દશાઇએ એક **હીનપશાતી ભરેલો જુલમાતી લેખ** લખીને દશતુરજી ઉપર મોકલેઓ કે તે ઉપર બેરાંમજી શીરવઇની શહી લેઈ પાછો મોકલાવે. તે **શીઆ** લેખ દશતુરજીએ ભાઇ બેરાંમજી ઉપર મોકલાવેઓ, તે જોતાંજ બેરાંમજીજીનો જુશશો જોર કરી આવેઆથી તુરત દશતુરજી પાશે ગએઆં અને કહેઉં કે એ તે શું ઘાંગ છે? અને જો તહમારે લખાવી લેવું હતું તો મહને

પરથંમથી કાંએ નહી કહેઉં? અને તે કરતાં આજ પાંચ દાહાડા થાએઆ હું નોવશારી મધે રહેછો છઉં તેઆરે મહને શું કાંમ જણાવેઉં નહી. તે શાથે આજ દંને બપોરનાં હું અને રૂશતમજી માંડન મલીને બંધે જંન દેશાઇ બરજોરજી નેજશનની મીજલશ મધે તથા નેઆતનાં જમંન મધે શીધારવાને વાશતે ઇજન કરવા ગએઆ તેઆરે કાંએ નહી કહેઉં.

તેવારે દશતુરજીએ કહેઉં કે "એ વાત માહારા હાથમાં નથી વાશતે તહમો દેશાઇજી પાશે જાઓ." તેઆરે ભાઇ બેહેરાંમજી પોતાની શંગાથે દશતુરજી શાહેબનાં છોકરા મેરજી રાનાંને તથા બીજા દાશતોને લેઇને દેશાઇ ડોશાભાઇ પાશે ગએઆ, પણ ડોશાભાઇ દેશાઇ તો શેતાન દાભો કરવા થાને જાઇને બેઠા હતા. તીઆં દશતુર મેહેરજી રાનાંને દાડાવેઆથી દેશાઇ ડોશાભાઇએ કહેઉં કે "લેખ લખાવી લેવાની વાત હું જાંણતો નથી ને વરી એ શું બરજોરજી દેશાઇએ કરેઉં છે."

તેટલા શારૂ તહમો ભાઇ રૂસતમજી એદલજી દેશાઇને લેઇને બરજોરજી દેશાઇ પાશે જાવો અને કેહેવો કે "તહમોએ આગલ કોણની પાશેથી લેખ લીધો છે કે હવડે શેવટે લેખ લેવા નીકલેઆ છેઓ, વાશતે લેખ કાંઈ લેવો નહી જોઇએ."

જેવારે હેવો હોકંમ ડોશાભાઇ દેશાઇજીનો આવેઓ તેવાજ દેશાઇ ખાંનદાનનાં ઘણાએક શાહેબો કે જે મધે દશતુર મેહેરજી રાંણાં, જામાશજી ખરશેદજી દેશાઇ, માણેકજી હોરમજજી દેશાઈ, અને રૂશતમજી એદલજી દેશાઇ વીગેરે બીજા દેશાઇઓ બેહેરાંમજી શીરવઇની શંગાથે દેશાઇ બરજોરજીને તીઆં છેક રાતનાં ગએઆ, તેવારે શઘલા શાહેબોએ બરજોરજી દેશાઇને કહેઉં કે "શાહેબ તહમોએ આગલ કોણ પાશેથી લેખ લખાવી લીધાચ કે આજે છેલલી ઘડીએ આગમજથી રજા આપેઆ પછે લખી માંગોચ," તે કરતાં લેખ લેવો હતો તેઆરે આગમજથી ચેઆર કબુલાતો કબુલ કરાવતી વખતે લખાવી લેવો હતો તથા જણાવવું હતું, પણ શેવટની ઘડીએ એમ કીધાથી આપણાં ખાનદાંનને ઘણુ નરશ લાગે છે. તેવારે બરજોરજી દેશાઇએ જવાબ દીધો કે "ગમે તે થાએ પણ હું તો એજ માહારા કીધેલા લેખ ઉપર શહી લીધા વીના પાતરૂં ચહડાવવા દેઉં નહી. અને

બેરાંમજીને કહેઉં કે "આએ લેખ ઉપર શાહી કરો નહીતર કે તમારૂં પાતરૂ ઉંચકાવીને દશતુરજીને ઘેર મોકલાવી દેઓ." તેવારે બેરાંમજી શીરવઈએ કહેઉં કે પાતરૂં દાઇજાએઆ પછે હુંતો જરથોશતી અનજુમનને આપી ચુકો વાશતે તહમારે ગમે તીઆં મોકલો હવે એની ઉપર માહારો કશો હક નથી. તેવારે દેશાઇઓની માહોમાહે ઘણી જરફાજરફી થાઇ, પણ બરજોરજી દેશાઇથી કાંઇ શારૂં શેવટ આવેઉં નહી—તેઆરે નાચારે પેલા કાલા લેખ મધેથી એક કલંમ કાહાડી નાખીને બેરાંમજી શીરવઈએ શાહી કીધી છે. તે રદ કીધેલી કલંમ મધે હેવું જણાવેઉં હતું કે "એ રૂપાંના પાતરાં ઉપર મનચેરજી દેશાઇના વારેશોનોજ હક પોહોચે." જુવો દેશાઇજીનો ચીતાર.

એ ચરચા પતરીએ દેશાઇજીનો થોડીએક બાબદમાં બચાવ કરતાં કેટલાએક ઓરંગા બતાવેઆ છે, પણ તરાંબાંની દગ દેશાઇજી આતશબેરાંદે મધેથી ઉઠાવી લેઇ ગએઆ તે બાબે તથા બેરાંમજીની મુંબઇથી આવેલી મેજ દેશાઈ બરજોરજીને ઘેર જાઇ તે બાબે તથા મીજલશમાં શેઆલ હોધારતા ના વીગરેની બાબદનો ખોલાશો કરવાને બદલે તદન અખારા કરી ગએઆ છે તેથી વાંચનારા શાહેબો વીચારી લેશે કે એતો અખારા બેહદીન કાઉશ કીધું છે.

હવે અમો આએ બીના બંધ કરતી વખતે પુછવા માંગીએચ કે ભાઇ બેરાંમજીએ દશતુર કેકોબાદજી પાશેથી છુપી રાતે પરવાંનગી મેલવી હતી કે દેશાઇઆને ઘેરેઘેર ફેરા ખાઇ તથા નોવશારીથી મુંબઇ અને મુંબઇથી નોવશારી શુધીની હડીશો માઇલની મુશાફરી કરીને જાહેરમાં મેલવી હતી કે નહી ? અને શેવટની ઘડીએ પોતાના બીજા દેશાઇઓનું કેહેવુ અને શાહમજાવેલુ રદ કરીને જબરદશતીથી બરજોરજી દેશાઇએ લખત ઉપર શાહી લીધી કે નહી ? અને જબરીથી શાહી લીધી છે તો દેશાઇએ ભએઅંકાર તકશીર શુ નહી કીધી ? ભાઇ બેહેરાંમજીએ આશરે રૂ૨૫૦૦૦)નો ધરંમ કીધો અને એજ દેશાઇને જશનની મીજલશમાં વેંહેંચાંણની વખતે રૂ૨૫) આપેઆ તે ધાણી, શું એ દેશાઇના રૂ૨૨ાા દુબારો આવેઆ કે ? અને રૂ૭૫)ના શુબારના વેહેરની તરણ ગુણ મુંબઇથી બેરાંમજી શીરવઇ લેઈ ગએઆ હતા તે મધેથા બેએ તોપલી વેહેર દ-

શતુરજીને તીઆંથી મંગાવેઓ હતો કે નહી ? અને શેવટે પાતરૂં ઇજવાની ફીરીઆ કરનારા મોબેદો જણ તરણને બેરાંમજી શીરવઇએ તેઓની મેહેનતના રૂ૨૫)તથા કોરાં કપરાં આપેઆં હતાં કે નહી ?

અમો આશા રાખીએચ કે ઉપલો હેવાલ વાંચેઆથી જરથોશતીઓની ખાતરી થાઇ હશે કે આગલા લખનારાઓએ જે બીના દેશાઇ બરજોરજીના જુલંમની બાબદમાં લખી હતી તે બોલેબોલ ખરી અને શાહી હતી, અને દેશાઈ બરજોરજી ઉપર કાંઇબી ખોટો ગીલો કરેઓ હતો નહી અને દેશાઇ દશાતુરની બીજી નઠારી ચાલને એકકોરે મેલી માતરે બેરાંમજી શીરવઇ ઉપર ગુજરેલા જાલમી ભરેલા જુલંમનો થોડોએક શાર જરથોશતી આલંમની જાણને વાશતે લખેઓ હતો બાકી બીજી કોઇબી મતલબ નહી. પણ કોઈ **પે૦ ક૦** નામનો ચરચા પતરી એ દેશાઇનો ખોટો બચાવ કરવા બાહેર પડેઓ તેઆરે નાચારે ખરેખરો અને બોલેબોલ ખોલાશો કરવાની ફરજ પડી છે.

હું છું.

## એક નજરે જોનાર જરથોશતી.

હવે શેઠ બેરાંમજી સીરવઇનો ઉપલો દશતાવેજ, દેશાઇ બરજોરજીએ પાછળથી કોઇની ઉશકેરનીથી, અથવા તો પોતાની કોઇ ભલી !!! મતલબને સર લખાવી લીધો છે, તે હમો ખુદ દેશાઇ બરજોરજીના એક કાગજ ઉપરથી સાબેત કરીએ છીએ, કે જે કાગજ દેશાઇ તેમુરશપ ઉપર લખવામાં આવ્યો હતો. એ કાગજ વાંચવાથી વાંચનારી આલમની ખાતરી થશે કે, શેઠ બેરાંમજીએ કહ્યું તેમ એ દશતાવેજ પાછલથી જોર જુલમથી કરાવી લીધો છે. તેબી છેક એનની વખતેજ એ પાતરૂં ઇજાઇને આતશબેહેરાંમમાં જઇ બેઠા પછી, અને તેમાં આતશબેહેરાંમ શાહેબને મુકવા પછીથીજ, બાહારવને જશન કરવાને દીવસેજ યાને કે રોજ ૬ઠો માહા ૩જો ને દીને એ દસતાવેજ કરાવી લીધો છે, અને હમો આએ નીચે કાગલ રજુ કરીએ છીએ તે રોજ ૨૦મો ને માહ ૨જે લખેલું છે, કે જેમાં આફરંગાનીઊં મુકવાની પરવાનગી આપી છે. એવું ખોલ્લા બોલોમાં જણાવીઆ

છતાં, પાછલથી દશાઇ બરજોરજીએ કોઇનાં ઉશકેરવાથી, અથવા પોતાની કોઇ ભલી !!! નેમથી, આ જુલમી અને ધીકાર ભરેલો લેખ લખાવી લીધો હતો.

## દેશાઇ બરજોરજીએ દેશાઈ તેમુરશપ ઉપર લખેલો કાગલ.

**મુરબી શા**—ખેડમતમાં ફરમા બરદારની અરજ એ જે સાહેબ બેરાંમજી સીરવઈ રોજ ૧૭મે હમારી પાસે આવી કેવા લાગા, ને રૂપાંનુ પાતરૂં ચડાવાની મેં મુરબીને અરજ કરી. તેથી મને રજા આપી છે, ને તમારા તરફ મોકલો છે, કે મેં લખી વાલું છે; તેથી તાંહાં કોઇ હરકત લેશે નહીં. તારે શેઠકે સરવે સાંભલી એજ જવાબ દીધો કે મુરબીનાં હુકમ માંથાપર, પણ મેં બેવાર અરજ કરેલી છે, તેનો ઊતર આવો નથી, તેથી તમારા કેવાપર હું કેમ હા કેઉં. તમો ચાર આંકરા પોતા પાસ લખાવી લાવો. તરે તએઓએ કબુલ કરૂં કે હુ જઇને લખાવી લાવું. એવી તકરાર થાયા બાદ બેરાંમજી દાશાભાઇને મલા, ને ઊપર મુજબ નીપજેલી હકીકત કહી, તારે દાશાભાઇએ કહુ જે તમારે આજ મુંબઇ જવું નહીં. કાલ હમો ભાઇઓ સરવે વીચારી જવાબ દેશું. તાર બાદબી જે દવશ બેરાંમજી શેવક પાસે આવીને બેડા, ને દશતુરજીએ મેહેરજી રાણાંને મોકલી તેઓ દખતાં કેવારૂં કે મેં બેરાંમજીને રજા આપી છે, મુરબીએ પણ એવોને રજા આપી છે, તેથી તમો પણ રજા આપજો. એ વગર કેવાદાથી દાશાભાઇ શાથે વચાર કરી, મુરબીએ પરથમ ફરમાવું છે કે તે ઊમેદવાર કરાવી લાવો તારે નાંઊમેદ કરવો નહીં. તે શાથે બેરાંમજી કસમ ખાઈ ખાતરી કરવા લાગો, કે મુરબીએ રજા આપી છે તેમાં ફરક નથી. તે ભરોસા ઊપર શેવકે હા કહી છે. તે તેવણ રોજ ૨૭મે પાતરૂં ચઢાવનાંર છે તે જાહેર થાવા અરજ કરી છે. દાશાભાઇ પણ અરજ કરશે. તેથી રોશન જાદે શું અરજ કરીએ એજ અરજ રોજ ૨૦ મા ૨.

વાંચનારાં શાહેબો એ ઊપરથી જોશે, કે પેલો જુલમી અને ધીકાર ભરેલો દશતાવેજ, એ દશાઇએ હાલ મોટી ઊકમાઇથી બાહાર પાડયો છે, તે પાછલથી શેઠ બેરાંમજીનાં ઊપર જબરૂં દબાન કરીને લખાવી લીધો હતો. અને એવી રીતે લખાવી લેવાથી પાછળથી દશાઇ બરજોરજી ઘણ

મેહેનતમાં આવી પડયા હતા. અને વલી એજ બાબદને લગતો એક ભડ પુછડાં વગરનો કાગલ પેપરોમાં છપાવી નીકલ્યા છે, કે જેને માટે એ દશાઇનાં છોકરાઓ એમ કહે છે, કે તે વડોદરા ખાતે એક અમલદાર ઊપર લખીઓ હતો, પણ તે વાત ખોટી છે. એ કાગલ તો એ દશાઇઓનાં મુરબી શેઠ મચેરજી મેરવાંનજી ઊપર વડોદરા ખાતે લખવામાં આવ્યો હતો. પણ એ કાગજ છપાવીને તો એ દશાઇ પુરા ફજેતીમાં આવ્યા છે, એ કાગજ છપાવવાની એ દશાઇની મતલબ એ છે, જે એ કાગજમાં એમ લખીઊં છે, કે એ આતશબેહેરાંમ અમારા ખરશેદજી દશાઇએ અસથાપેલા છે અને તેનાં ઊપર દશતુરજી શાહેબ કેકોબાદજી રૂશતમજીની પણ શાહી છે. તેથી જાને એ આતશબેહેરાંમ દશાઇ ખરશેદજીનાં ઠડી ચુકા! તો હમો કહીએ છીએ કે તમારાજ કેવા મુજબ દશતુરજી શાહેબ કેકોબાદજીએ એ કાગલ ઊપર શાહી કરવાને માટે પેહેલાં નાપાડી હતી, પણ પાછલથી દશાઇ માણેકજી હોરમજીએ, દશાઇઓનાં તરફથી જાઇને ઘણી મીનત જારી કરીને, પોતા ઊપર આવી પડેલી આફતનું બીઆંન કરી તે ઊપર શાહી કરાવી હતી. હવે એ કાગલ હમો સદાબરો અતરે પરગટ કરીએ છીએ.

"સદા મેહેરબાંન કદરદાંન શેઠજી શાહેબ મંચેરજી મેરવાંનજી લા. નોશારીથી દશતુર કેકોબાદજી રૂશતમજી તથા દશાઇ બરજોરજી નવરોજી તથા જાંમાશજી ખુરશેદજી, માણેકજી હોરમજી તથા દોશાભાઇ બહુમનજીનાં દોવા સલાંમ વાંચવા આ.રે લખવા મકસદ એ છે જે, સાહેબનો કા૦ ૨) ભાઇ બેજનજીભાઇ ઊપર આવા, તેમાં બેરાંમજી શીરવઇએ પાતરૂં ચડાવુંચ તે વીશેનું સરવ ફરમાવું, તે આપણા લખવા મુજબજ હમારૂં પણ મત છે. શ્રી આતશબેહેરાંમ શાહેબ હમારા મરહુમ મુરબી ખરશેદજી દશાઇનાં અસથાપેલા છે એ નેક જગામાં એકથી તે હજારો રૂાનું જે ચડાવા ચાહે તેનો ફકત એક ચડાવવાનો હક છે, તાર પછી તે ચડાવનાંરનો કસો હક નથી **તે ચડાવેલા ઊપર હમારોજ હક છે.** ને હાલમાં એ બેરાંમજી સાંરવઇને રૂપાંનું પાતરૂં ચડાવવા દેવાની હમારી બીલકલ ખુશી હતી નહી, પણ હેવોને ઘણીએક આજેજી કરી તેથી રજા આ-

પી, લખત કરાવી લીધું, તે તેઓએ ખુશીથી કરી આપું છે. એવુ છતાં પાછલથી નાંલાયકી બતાવી, નીઊજ્જોમાં અનગતતું અને ખોટું છપાએ છે, તો હમારા નેક મકાંનમાં એમનું પાતરૂં હેમો રાખનાંર નથી. રાખવું નહીં રાખવું એ હમારો અખતીઆ છે. ને હાલમાં એ બેરાંમજી પોતાનો લેખ પાછો માંગે છે તે સુખેથી લે, તે લેખ તથા પાતરૂં એ બંધે હમો આપવાને ખુશી શાથે તઇઆર છીએ, બીજું આપે હમારામાં બેદીલી વીશે કેટલું લખીઊં તે કોઇએ શાહેબને ખોટું કહીઊ હશે હમો એક દીલ છીએ ને એક સલાહથી છે, એમાં કસો તફાવત નથી. તમો શાહેબની ખાતરી થાવા સરવની શહીથી કાગજ લખેઓ છે એ અરજ સંવત ૧૯૨૩નાં રોજ ૨૬ મા ૫.

લા૦ દુવાગો એ ફેકોબાદ દશતુર રૂશતમજીની દુવા કબુલ કરવી.

બરજોરજી નવરોજી દેશાઇનો સલાંમ વાંચવો.

જાંમાશજી ખરશેદજીનો સલાંમ વાંચવો.

લા૦ શેવક માણેકજી હોરમજીનો સલાંમ વાંચવો.

દોશાભાઇ બહેમનજીનો સલાંમ વાંચવો.

એજ કાગલ એ દેશાઇનાં છોકરાઓએ પેપરોમાં પરગટ કરાવીઓ છે, પણ તેમાંથી કેટલોક ભાગ કાઢી નાંખ્યો છે. તે કાઢી નાંખવાનું કારણ એજ કે, આએ જમાંનાંમાં તે ભાગ તેઓને ઘણો એબ લગાડનાંરો થઇ પડે, તેથી તેવો ભાગ કાઢી નાંખ્યો છે. તે ભાગ કયો છે તેતો વાંજનાંરા શાહેબોએ ઊપર જોયું હશે કે **"તે અદાવેલા (સાંમન) ઊપર હમારોજ હક છે"!!!** આએ બોલો એ દેશાઇએ પોતાનાં બાપની ઇજતને ખાતરજ તેમાંથી હાલ કાઢી નાંખ્યા છે. હવે વાંચનાંરા શાહેબો તમો જુઓ કે આએ તે કહી જાતની બેહાઇ! કોઇ આતશબેહેરાંમમાં કાંઇ ચીજ ચુકે તેનાં ઊપર દેશાઇઓનોજ હક રહે!!! અફશોસ!!! એક જંગલી માણસ પણ આવી વરતનુક ચલાવવાને સરમાએ, તેવાં કાંમથી એ દેશાઇ સરમાયા નથી, એ ઘણી તાજુબીની વાત છે?

હવે વાંચનાંરા શાહેબો તમો જોશો કે શેઠ બેરાંમજી સીરવઇને પેહેલાં આફરંગાંનીઊં મુકવાની રજા એ દેશાઇએ આપવા છતાં, પાછલથી

એનને વખતેજ તેવણ પાસે લખત લખાવી લીધું તેમાં પણ એજ નીશતા રાખેલી હતી, કે તે પોતેજ પચાવી જાવું, પણ તેવાં લખત ઊપર શહી કરવાને શેઠ બેહેરાંમજીએ સાફ નાંપાડી હતી, તારેજ તેવા બોલો એ જુલમી દશતાવેજમાંથી કાઢી નાંખ્યા હતા.

હવે ઊપર દરસાવેલાં કાગલ ઊપર દશતુરજી શાહેબ ફ્રેફોબાદજી રૂશતમજીની પણ શહી છે, તો હમો પુછીએ છીએ કે તારે આતશબેહેરાંમના સાંમણ ઊપર તેવણનો પણ હક રહયો કે નહીં ? અલબત તેવણનોજ યાને કે અંજુમનનોજ હક છે. અને તેજ પ્રમાંણે વહીવત ચાલતો આવ્યો છે, પણ દશાઈઓએ કોઇ પણ વખત તેવો વહીવટ કરેલો નથી. દાખલા તરીકે જો કોઇ વાશન પુરાંનાં થયાં હોય ને તે આતશબેહેરાંમમાં વાપડવાને માટે નાંલાયક થયાં હોય, તો દશતુરજી તે પોતાને તાંહાં લઇ જઈને તેને બદલે બીજાં અંજુમનની રાસમાંથી મુકાવતા આવ્યા છે. અને એવો વહીવત આતશબેહેરાંમ શાહેબને પરથીઆ તારથી ચાલુ છે. તો હવે દશાઇઓનો વહીવત અને હક કાંહ ગયો?

આટલું જણાવવા પછીથી હમારે એક વાત કેહેવાને વીસરવી નહીં. જોઇએ, તે એકે એ આફરંગાનીઊં શેઠ બેહેરાંમજીએ પોતાને પૈસે કરાવીઊં, પણ તેને એ દશાઇ બરજોરજીએ, દશાઇ મંચેરજીને નાંમે ઇજાવીઊં ! ! ! અવાખશે પશેમાંન ! આતે બુજરોગોનાં તરફ ધરમ કરવાની નીતી ? વાંચનારા શાહેબો એટલાથીજ અચરત રખે થતા. ઇજાવીઊં તો ઇજાવીઊં પણ વલી ફરમાએશનીમાં તેહમુરશપભાઇનું નાંમ લેવડાવીઊં ? શું જુવાકી દાર અને અરજાસપી તોર ! ગમે એવો કમીનો માણસ પણ એમ કરવાને સરમાએ, તે કાંમ દશાઇ જેવા એક ગરસ્થે કીધું, તો પછી કલજુગ આવ્યો છે. એમ આપણે માંનવું જોઇએ.

વલી હીઆં એક બીજો સવાલ ઉતપન થાએ છે કે, એ લોકોનાં કેહેવા પ્રમાંણે એ આતશબેહેરાંમ દશાઇ ખુરશેદજીએ પરથેલા છે, તો આફરંગાનીઊં ઇજવાનું માંન દશાઇ મંચેરજીને શીર શું કાંમ ચોતાડીઊં ? હવે હમોને પેલી નીમકહરાંમી અને બેપરવાઇની વાત યાદ આવેચ, કે જારે મોબેદાને એ ઉજરા ! વાજરા ! કરનાંર દેશાઇ એમ કહે છે કે, તમો

નીમખહરાંમ, અને બે પરવત છેવ, તો હવે હમો પુછીએ છીએ કે નીમખહરામી અને બેપરવતાઇ કોણે કીધી ? હમો જેમ દેસાઈ ખુરશેદજીનું કાંઇ નીમખ ખાતા નથી તેમ નીમખહરાંમી પણ કરતા નથી. પણ તમો દેશાઇ તો તેવણનુંજ નીમખ ખાઓચ, તે છતાં તેવણનાં પરપેલા આતશબેહેરાંમને લીધે, તેને લગતું સઘળું માંન તેવણના નામને આપવાને બદલે, તમો તમારા નાંમની મોટાઇ દેખાડવાને ભલતાનેજ આપો છો, તે નું કારણ શું ? હમો પુછીએ છીએ કે મંનેરજી દેશાઇ સાંમાં ? વાંચનાંરા શાહેબોએ જાંણવું જોઇએ, કે જો દેશાઇ ખુરશેદજીનું નાંમ આવે તો એવણનાં આખા કુટુંબીઓ માલકીપણાંનો દાવો ઉઠાવે, કારણ કે દેશાઇ ખુરશેદજીએ એ આતશબેહેરાંમનાં કામમાં લોક મલતો જે કાંઇ હીસ્સો આપ્યો છે, તે દેશાઇ તેમુલજી રૂશતમજીનાં નાંમથી પોતાનાં ભાઇઓ ભેગો રાશમાંથી આપ્યો છે. તેનાજ બદલામાં તે બેહેશતી શાહેબની કરતી ઘટાડી, પોતાની કીરતીનો વધારો મંચેરજી દેશાઇનાં નાંમથી કરવા માંગે છે. પણ એ દેશાઇએ જાણવું જોઇએ છે કે એ નેક બખત ખુરશેદની સાંમને તમો ગમે એટલી ધુલ છાંટશો, ને એ મુરબીનાં નાંમને ગમે એટલી જાંખ લગાડવાની કોશીશ કરશો, પણ તે બેહેશતી ખુરશેદને કશો જાંખ લાગવાનો નથી. જયાસુધી ભગરસાથ તોલો છે, ત્યાંસુધી તો તે ખુરશેદ હમેશાં પરકાશનોજ રહેવાનો છે. માટે હવે પછી આવી નાંદાંની કરી, બુજરોગવારની તકસીરમાં આવવાના કામો છોડી દેવ, અને જેને જેટલું માન ઘટતું હોય, તેનેજ તેટલું આપો કે તેમાંજ તમારી સોભા છે.

વલી એ લોકો એવી બાંગ મારે છે, કે એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીએ લખો રૂપીઆ ખરચીને પરપેલા છે, અને તેના ચાલુ ખરચને માટે હજારોનાં અનેક વજીફાઓ આપેલા છે.

તો ભલે ભાઇ ભલે, એ મગરૂરી તો હમારે લેવાની છે, તમારે લેવાની નથી. તમારા મુરબી તો મંચેરજી દેશાઇ, માટે મંચેરજી દેશાઇએ લખો રૂપીઆ ખરચયા છે એવું રંનશીંગડું ફુકીને વરાઇ લેવ. ખુરશેદજી દેશાને તો તમો કુચ ગણુતરીમાં લેખતા નથી, પણ ભાઇરે **લાખો** એ બોલ

બોલતાં તો આવડયો, પણ ગણતાં આવડે છે કે ? કેટલા હજારે એક લાખ થાય ? તમારી દેશાઇ ખાંનદાંનની તવારીખ જો પરગટ નહીં થઇ હતે, તો એ તમારી ઢીંગ પણ થોડોક વખત સોભા મેલવતે, પણ તમોએ તો એ તવારીખમાં એવું ભુસીઊં છે, કે તે વખતે દેશાઇ ખુરશેદજી સારી હાલતમાં નહીં હતા, તો **લાખો** રૂપીઆ લાવ્યા કયાંથી ? તમારા કેહેવા-પ્રમાણે દેશાઇ ખુરશેદજી ખેતી કરતા હતા, અને તેવણના બાવા ગુજરે આ તારે તેવણ કરજ મુકી ગયા હતા અને તેબા વલી એટલું બોધું કે દર માસે સેંકડે બે ટકા વ્યાજ ભરવું પડતું હતું, અને પોતાની માલકીનુ ઘર પણ નહીં હતું. અને તેવણના બાવા ગુજરવા પછી આતશબેહેરાંમ પરથાયા, તો એ ખેતીના કામમાંથી આટલા વખતમાં લાખો રૂપીઆની દોલત મેલવી, એ વાત શું એક ઘેલો માંણસ પણ કબુલ રાખશે ? હમો પુછીએ છીએ કે દેશાઇ ખેરશેદજીનાં જમાં ખરચમાંથી તમે એવું બતાવશો કે દેશાઇ ખુરશેદજીએ પોતાની આખી જીંદગીમાં **લાખો** નહીં, પણ ફક્ત **એક લાખની** થાપન પોતાના ચોપરામાં જમા બતાવેલી છે ? જો તમો એવું બતાવી શકતા હોવ તો, પછી હમો કબુલ રાખશું કે આતશ બેહેરાંમ ઉપર લાખો રૂપીઆનો ખરચ થયો હશે ? પણ વાંચનારા શાહેબો સબુર કરો. હમના મને એક બીજી વાત યાદ આવી છે, તે હું અતરે જણાઊં છું. આતશબેહેરાંમને માટે જે ઊંગરાંનું થયું હતું, તેમાં તો લાખો રૂપીઆ ભરાયા નહીં હોય ? અને એ દેશાઇ પાંસે તેનો હીસાબ હોય, અને તેમાં એ લાખો રૂપીઆ જમે હોય તે ઉપરથી તો નહીં કેહેતા હોય, કે આતશબેહેરાંમ ઉપર લાખો રૂપીઆ ખરચ થયો છે ? તો હવે દેશાઇ તમે બોલો કે તેમાં લાખો રૂપીઆ જમાં તો હશે, પણ ઊધરેલા કેટલા છે ? જવાબ એ કે બે હજારથી ઉપર નહીં.

વાંચનારા શાહેબો તમો સારી રીતે જાણો છો કે એ આતશબેહેરાંમ એવા વખતમાં થયા છે, કે તે વખત ઘણો સુકાળનો અને ગરીબીનો હતો. તે વખતે એક ઇજશનેનાં આંનાં બે અને વંદીદાદના આંનાં આથ અપાતા હતા, અને આતશબેહેરાંમ શાહેબની કીરીઆને માટે બારસો ઇજશને, વંદીદાદ જોયે તો પેલા ફારશી કીસ્સાનાં બનાંવનાર મોબેદ શાપુરજી સંજાં-

ણાંનાં કેવા મુજબ, જો મોબેદાને બેવડું દાંમ આપ્યું હોય તો તેના પંદરસો રૂપીયા થયા. અને બીજો પરચુતન ખરચ રૂપીઆ પાંનસો સુધી ગણીએ તો રૂપીઆ બે હજાર થયા. પણ હવે આપણે મકાંનનો ખરચ તપાસીએ. એ મકાન તે પેલા ઉડવારેવાલા આતશબેહેરાંમ શાહેબને માટે નવશારીની અંજુમને બાંધીને તૈયાર કરી આપ્યું હતું, તેજ એ મકાંન છે. એ મકાંનમાં વોરા નરસંગે થોડોક ફેરફાર કરીને એ આતશબેહેરાંમ શાહેબને હીંઆંજ તખતનશીન કરીઆ હતા. એ હમારા બોલવાની સાબેટીમાં પારશી મકાશ પાંને ૮૫૮માં એ બાબતનો જે લેખ પરગટ થયો છે તે હમો સદાબરો નીચે ટાંકીએ છીએ.

### સંવત ૧૮૦૧નાં આસો સુદ ૫.

"સંજાણવાલા પુરાતમ આતશબેહેરાંમને ઉડવાડે લઇ જવા પછી, તેને લગતાં નવશારીનાં મકાંન ઉપર આ૦ બરજોરજી નવરોજી નાંમનાં મોબેદ દાવો કીધો હતો, કે તે તેનું ઘર છે. આ ઊપરથી નવશારીનાં સમશત મોબેદાએ ગાયકવાડ દાંમાજીરાવ ઉપર એક અરજી કરી હતી કે એ જગો વરશ ૩૨૫) થયાં હમારી કોમનાં અગનીના દેહેરાંની છે, અને તે નવશારીના શરવે હીંદુ તથા મુશલમાંન લોકો પણ જાંને છે, તથા હમો સરવે મહાજને મલી રાવ શ્રી કેદારજીબાવા તથા દાદુબા પંથ વગેરે સુબેદાર તથા કાજી તથા સરવે મહાજનને બોલાવી શાહેબનાં હલકારા શાથે તે જગા દખાડી. અને તે દેહેરાંમાં તેનાં સમારનાંરનું નામ પથરપર લખેલું હતું તે વાંચીઆથી સરવે શાહેઓની નીશાં પુરી થાઇ. વાસતે તમો જેવા ધરમરાજાએ એ બીનાંનો રૂડી રીતે ફેસલો કરવો."

વલી એ આતશબેહેરાંમ શાહેબને પરથીઆ, તારે એ મકાંન ઘણું પુરાનું હોવું જોઇએ, કારણ કે તારપછી ૪૩) વરશમાં એ મકાંનને ફરીથી બંધાવવું પડયું હતું. કે જેની તખતી એ મકાન ઉપર છે. ૧ તારે હવે કે

---

૧ વાંચનારા શાહેઓએ પેહેલા ભાગમાં જોયું હશે, કે એ મકાંન વાડીઆજી નશરવાંનજી માંણેકજીની સાથે મલીને દેશાઇ મંચેરજી ખુરશેદજીએ સમરાવીઉં છે. તે છતાં દેશાઇ તવારીખનાં બનાંવનાર, જાંને તે મંચેરજી દેશાઇએ એખલાએજ સમરાવીઉં હોય તેમ લખે છે કે "ત્રીજું સવાબનું કાંમ દેશાઇ મંચેરજીએ પોતાની અંજુમનનાં ફાયદાને માટે એ કીધું, કે

હેવ કે એ આતશબેહેરાંમ ઉપર લખો રૂપીઆ ખરચાયા કેમ ?

વલી એ આતશબેહેરાંમ પરથતી વખતનો બીજો જે ખરચ કે જે જુદદીનનાં કારખાંનાંમાંથી, આતશો લાવવાનો, તે તો હીંઆંનાં બેહેદીનોએ કાંઇ પણ દામ લીધા વગર કીધો છે તારે લખો રૂપીઆ ખરચાયા કેમ ?

વલી એ દેશાઇ જણાવે છે કે હમારા દેશાઇ ખુરશેદજીએ હજારો રૂપીઆનાં વજીફાઓ આતશબેહેરાંમનાં ચાલુ ખરચને માટે આપેલા છે.

હમો કહીએ છીએ કે એ વાત તદન ખોટી છે. આતશબેહેરાંમન ખરચને માટે હાલ જે તરણ વજીફા છે, તે સુરતવાલા શેઠ દાદાભાઇ માંણેકજીએ આપેલા છે, તે વાંચનારા સાહેબોએ પેહેલા ભાગમાં જોયું હશે. એમાંનાં **કેઆરી** નાંમનાં ૧૦ વીઘાંનાં વજીફા ઉપર એ દેશાઇ એવો દાવો ઉઠાવેચ, કે તે ખરશેદજી દેશાઇએ સંવત ૧૮૨૪માં વેચાતો લીધો હતો. તો હમો કહીએ છીએ કે તે કદાચ ખરશેદજી દેશાઇએ મીઆં પાંસેથી વેચાતો લીધો હોય, પણ ખરશેદજી દેશાઇએ શેઠ દાદાભાઇને નથી વેચયો

---

ખુરશેદજી શાહેબે બનાંવેલા આતશબેહેરાંમની ઇમારતને નવેસરથી પાછી બંધાવી આપી.” વાંચનારા શાહેબો તમો જોઇ ચુકા છેવ કે તખતીમાં ખોલ્લું વાડીઆજીનું નામ હોવા છતાં, જ્યારે એ ભાઇઓ સઘલી મોટાઇ પોતેજ લેવા માંગે છે તો હવે આપણે બીજી શાબેતી શું આપીએ ? પણ નહીં દેશાઇ બરજોરજીની છોકરીના છોકારા તો દેશાઈ તવારીખનાં કરતાનાં જેટલા બેમરવત થયાનથી. તેવણ તો વાદીઆજીનું નામ તખતીમાં છે એમ કબુલ રાખે છે. પણ પેલા બાજી શાહેબને મોડે એમ બોલાવે છે કે—“વાડીઆજીનાં બીજા આગલા નેયાગાંન સાહેબોએ આપણા નેયાગાંન સાથે ખુદા ખબર શી ખુમી કીધી હશે કે, આપણા મુરબીજી ખોરશેદજી બાપા શાહેબને હાથે અને ખરચે સથાપાએલાં આતશબેહેરાંમ પાદશાહનું મકાંન આપણા મુરબીજી મંચેરજી બાપા શાહેબે ફરીથી પોતાનાંજ ખરચે બંધાવી તેમાં ફક્ત મોબતને ખાતરજ આતશબેહેરાંમની તખતીમાં એ વાડીઆજીવાળા શાહેબનું નાંમ શુધાં પોતાની સાથે કોતરાવીને પોતાનાં સવાબમાંનો કાંઇક હીસ્સો પણ ગોયા તેવણને આપેલો છે” વાંચનારા શાહેબો એ તો આપણા દેશાઇજી ઘણા ભોલા ભટક કેની તેથી મોબતને ખાતર તખતીમાં નાંમ કોતરાવેલું ! કાંઇ કોથરીઓ લીધેલી નહીં ! કેહેતા તો દીવાંનાં પણ સુનતા બી

એમ તમો શાણ૫રથી કહી શકો ? હમો કહીએ છીએ કે સંવત ૧૮૨૪માં એ વાડીઆ શેઠ દાદાભાઇએ લઇને અંજુમનને સપુરદ કીધો હતો અને તે વાડીઆ સંવત ૧૮૨૪માં દેશાઇ ખુરશેદજીએ ઘર ખોડાવીને તેની સાંથ સંવત ૧૮૨૫)માં શેઠ દાદાભાઇને નાંમે તેવણનાં બીજા વાડીઆ ભેગી અંજુમનનાં દફતરમાં તે વરશની સાથનાં રૂ) ૨૧ાા જમે આપેલા છે. તો પછી તે દેશાઇ ખુરશેદજીનો વાડીઆ કેમ થયો ? પણ વલી એ દેશાઇ સારી રીતે જાંણે છે કે એ વાડીઆ શેઠ દાદાભાઇએ અંજુમનમાં આપેલો છે કારણ કે થોડાંક વરશની વાત ઉપર જ્યારે એવણનાં બાવા તે વાડીઆમાં બંગલો બાંધવા નીકલ્યા હતા, તારે અંજુમને તેવણની સાંમે થઇ તેવણને અતકાવીઆ હતા, અને શુબાની ગમે એટલી શાહેતા છતાં પણ તેમાં બંગલો બાંધી શકયા નહીં, તે છતાં આજે તે પોતાની માલકીનો ગણવા માંગે છે ! હમો કહીએ છીએ કે બીજી બધી સાખશી ખોળવાના કરતાં, દેશાઇ ખુરશેદજીએ પોતાનાં જે જર ખરીદ વાડીઆ લીધા છે, તેની યાદી તેવણ શાહેબનાં હાથથી એક ચોપડીમાં હઇઆત છે, તેમાંથી હમોને બતાવો કે એ વાડીઆ દેશાઇ ખુરશેદજીએ ફલાંનાં સાલમાં આટલે રૂપીએ વેચાતો લીધો છે.

---

દીવાંનાં. અરે બાપુઓ કેટલાંએક પાતીયાં ગોઠવશો ? એવી દલીલોથી કાંઇ ખરશેદજી દેશાઇની માલકીનાં આતશબેહેરાંમ ઠડવાનાં છે ? વાંચનારા શાહેબો હમો કેહેજીએ છીએ કે મોહોબતને ખાતર નહીં પણ રૂપીઆ આગમજથી લઇને વાડીઆજીનું નાંમ તખતીમાં કોતરાવેલું છે. સંવત ૧૮૬૫નાં સાલમાં તો એ લોકોએ વાડીઆજી નશરવાંનજી પાસે તરણ રકમો મલી રૂપીઆ ૨૫૨૦ાાર તો મુંબઇમાં પોતાનાં સાહુકારોને ભરાવેલા છે. બાકી બીજાં બે વરશનો હીસાબ હમારી પાસે આવી શકયો નથી. તો પણ તે બીજા એટલાજ હોવા જોઇએ. તે છતાં કેવાને લજવાતા નથી કે મોબતને ખાતર નાંમ કોતરાવીને સવાબમાં હીસ્સો આપેલો છે. હમોને નોશેરવાંન આદેલનાં વખતની પેલા ગરીબ ખેડુતની વાત યાદ આવે છે, કે જ્યારે નોશીરવાને તે ખેડુત પાસેથી તેનાં ગાંમબારનો સવાબ લખો રૂપીઆ આપી વેચાતો માંગયો, ત્યારે તે ખેડુતે તેમ કરીઉં નહી, ને દેશાઇજીએ વાડીઆજીને સવાબ ગોયા મોબતને ખાતર વેચયો, એ શું આપણે માંની શકશુ ? અવાખશે પશેમાંન! જેઓ પોતાનાં બુજરોગોને આવી રીતે વગોવે, તે પારશીઓને માટે શું નહીં બોલશે ?

વલી જારે એ લોકોએ પેપરોમાં પોતાની ખોટી ડીંગ મારવાની જારીજ રાખી, તારે રાશત ગોફતારમાં દશતુરની શાહોથી એક ચરચા પતર પરગટ થઇઊં, તે વાંચી એ લોકો મોટા ગભરાતમાં પડીઆ, અને ખરશેદજી દસાઇની માલકીનાં આતશબેહેરાંમ ઠેડવવાને માટે જે મજબુત દલીલો લાવ્યા, તે પારશી પ્રકાશનો આધાર અને આતશના ગીતનો **તાલો** લઇને બાહાર પડયા. પણ તે કેવી લુલી રીતે તે વાંચનારા શાહેબો નીચે જોશે.

પારશી પ્રકાશે મોબેદ શાપુરજી સંજાંનાંને નાંમે જે સાદત રજુ કરી છે, કે દશાઇ ખુરશેદજીને નાંમની તંદોરસ્તી ભણ્યા, અને દશાઇ ખુરશેદજીએ પોતે પૈસા ખરચીને આતશબેહેરાંમ પરથયા છે તે વાત તદન ખોટી છે. એ કીસ્સામાં એમ આવ્યુંજ નથી. એ કીસ્સામા કહીં જગાએ એમ આવ્યું છે તે હમો એ દશાઇથી, તેમજ પારસી પ્રકાશનાં બનાંવનારથી જાંણવા માંગીએ છીએ.

હવે આતશનાં ગીતમાંથી એ દશાઇએ જે **તાલો** રજુ કરયો છે; તેમાં દશાઇનો પોતાનોજ **તાલો** રહયો નથી. પણ તેમાં એવણનો કાંઇ વાંક નથી. કારણ કે એવણનું તો **ઘરાનું અને રાજવંસી ઘર** તેથી એઓની દશાંનો તો એ ગીત ગાએ નહીં, તેથી એ લોકોના સાંભળવામાં એ આખું ગીત આવે નહીં, તેથી **તાલો** બગડી ગયો છે. પણ જો એ દશાઇએ ગોરાંનીઓને ફકત પાંચ પાંચ બતાશા આપ્યા હને, તો તેઓ એ ગીતમાં શું શું મતલબ આવી છે, તે ગાઇ સમજાવતે. પણ તેટલું પણ નહીં કરવાથી તેઓ બચારા ફજેતીમાં આવી ગયા છે. એઓએ જે તાલો રજુ કર્યો છે તે નીચે પ્રમાણે છે.

પાપની ભુંગર ભાંજીએરે
સખી ધરમની બાંધીએરે પાર—સાએલરી
તે ધરમી દશાઇ તેમુલજીનાં પુત
તે ધરમી દશાઇ ખરશેદજીનાં પુત
તે ધરમી દશાઇ મંચેરજીનાં પુત
તેણેકીધાં ધરમનાં કાંમ—તેણે કીધાં બેહેશનાં મુકાંમ

આએ લાઇનો ઉપરથી એ દશાઇ એવુ બતાવવા માંગે છે, કે એ આતશબેહેરાંમ દશાઇ ખુરશેદજીએ સ્થાપેલા છે. પણ હમોએ હમારા પે-

હેલા ભાગમાં એજ ગીતમાંથી જે દલીલો રજુ કરી છે, તે ઉપરથી વાંચનાર શાહેઓએ જોઇતીં હશે કે એ આતશબેહેરાંમ સઘલું અંજુમન મલી પરથયા છે, એમ એ ગીતમાં આવ્યું છે. પણ આએ લાઇનની મતલબ જેવી રીતે એ દસાઇ ઊઠાડવા માંગે છે તેવી રીતે ઉઠતી નથી, કારણ કે જેને ઘર એ ગીત ગવાતું હોય તેને ઘર તે ઘરનાં વડીયલોનાં નાંમ એ જગા ઉપર લેવાએ છે, તો પછી તેઓ પણ આતશબેહેરાંમ પરથનાંરા કેહેવાયા કે? આતશનાં ગીતની આખી મતલબ હમારી તરફેનમાં છે અને તેમાં બોલ્લું આવેલું છે કે એ આતશબેહેરાંમ શમશત અંજુમન મલી સ્થાપેલા છે.

વલી એ દશાઇ, જાંને આતશબેહેરાંમ ખરશેદજી દશાઇએ એખલાએજ પરથેલા હોય, તેમ વાંચનાંરાઓને ભુલાવામાં નાંખી એમ જણાવે છે કે, જો એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીએ મોબેદાને સપુરદ કીધા હોય અને તેનું લખાંન જો હમોને બતાવે, તો હમો મોબેદાની ગોલામગીરી પણ કરવાને તઇઆર છીએ. અંજાંના માણસો તો દેશાઇના આએ બોલવા પછી તેઓનાં ઉપર ઘણી દયા કરે, પણ જાંનીતાઓ તો ચેતી ગયા છે કે એમાં કેટલો ફરેબ છે? એ દશાઇ પાયો નાંખ્યા વગર તરણ માળની હવેલી ઊઠાવવા માંગે છે, તો હમો કહીએ છીએ કે ગમે એટલી ધાંધલ કરવા છતાં, તમો ફાવવાનાં નથી એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીએ સ્થાપેલા છે એ વાત તમો પેહેલાં સાબેત કરો. અને મોબેદાને સોંફેલા છે કે નહીં તે તો બીજો સવાલ છે. હમો કહીએ છીએ કે એ મતા દેશાઇ ખુરસેદજીની હોય તો દેશાઇ ખુરશેદજી મોબેદાને સોંફે કેની? પણ એ આતશબેહેરાંમ સમશત અંજુમને મળી પરથેલા છે, અને તે મોબેદાનેજ સપુરદ કરેલા છે તેનો દાખલો એ દશાઇ માંગે છે તો હમો બતાવીએ છીએ. જુઓ આતશનું ગીત.

**દશતુર દેશાઇ મલી આતશબેહેરાંમ પરથીઆ**
**સઘલું અંજુમન મલી આતશબેહેરાંમ પરથીઆ**
**લાવી મેલયા ખુરશેદ વારી—સાએલરી**
**તરાંબાને તરભાંને આતશબેહેરાંમ પરથીઆ**
**લાવી મેલીઆ આતશના અગીઆરી**
**લાવી સોંપેઆ મોબેદાને હાથ—સાએલરી**

કેમ દેશાઇ હવે ગોલાંમગીરી કોણની કરશો? તમારા માંગવા મુજબનું લખાંન હમોએ તમોને તવારીખમાંથી બતાવી આપ્યું છે.

વલી એ દેશાઇએ પેપરોમાં એવી એક ડીંગ મારી છે કે "દેશાઇ ખુરશેદજીનાં આતશબેહેરાંમને દેશાઇ મંચેરજીની દરેહેમહેરેમાં લઇ ગયા" પણ વાંચનારા શાહેબોને જણાઊં છું કે એ દરેહેમહેરેને કોઇ પણ સખશ દેશાઇ મંચેરજીની દરેહેમહેરે એમ કરી બોલતું નથી. પણ તેને **વડી દરેહેમહેરે** એમ બોલે છે. નવશારીમાં જરતોશતીઓની વસતીને આજ ૭૫૦) થાં ઊપર વરશ થયાં છે તારથી એ દરેહેમહેર **વડી દરેહેમહેર** એમ ઓલખાતી આવી છે. અને તે પેહેલાં અંજુમને પોતે પરથી હતી, અને પાછલથી માહલન બાઇ નાંમનાં એક બેહેદીન બાઇએ તેમાં વધારો કરીને બે હીધોરા કરીઆ હતા કે જે સાતમાં અને આઠમાં ઇધોરાને નાંમે ઓલખાએ છે. એજ પ્રમાંણે સંવત ૧૮૫૧નાં સાલમાં દેશાઇ મંચેરજી ખુરશેદજીએ તેને ફરીથી સમરાવી હતી, કે જેનાં ઊપર રૂ) ૩૩૦૦) ખરચ થયો છે. અને અંજુમનની તખતી જે તીઆં હતી તે કાહડી નાંખીને પોતાને નાંમનાં તખતી મરાવી છે. વલી એજ જગામાં પાછળથી બીજી જગા વેચાતી લઇને મુંબઇવાલાં બાઇ શાહેબ વાડીઆજી મોટલાં બાઇએ રૂ) ૨૦૦૦૦થી ઊપર ખરચીને એ દરેહેમહેરને ખરેજ એક એ બાદત ધાહને છાજતુંજ મકાંન કરીઊં છે. પણ વાંચનારા શાહેબો તમો જાંણીને અચરત પાંમશો કે દેશાઇ તવારીખનાં બનાંવનારે તો એ દરેહેમહેરને માટે એમ લખીઊં છે કે વાડીઆજીએ ફકત તેને સમરાવી હતી, અને મંચેરજી દેશાઇએ તો રૂ) ૩૩૦૦) ખરચીને નવી બંધાવી હતી! પણ એ તવારીખનાં કરતાને તો હજુર હમો ભલો સમજીએ છીએ, કારણકે અણે તો એ દરેહેમહેરે વાડીઆજીએ સમરાવી એટલું પણ કબુલ કીધું છે, પણ હાલનાં એ દેશાઇ તો એટલું પણ કબુલ રાખવાને નાં પાડે છે અને બોલી રીતે પેપરોમાં પોકાર પારે છે કે એ જગાબી દેશાઇ મંચેરજીએજ બાંધેલી છે. કારણકે હાલ આતશ બેહેરાંમ શાહેબને વડી દરેહેમહેરેમાં લઇ જાઇને વાદીઆજીવાલા ભાગમાં તખત નશીન કીધા છે, તેને માટે એ દેશાઇ એમ કહે છે કે તે તો મંચેરજી દેશાઇની દરેહેમહેરેમાં તખત નશીન કીધા છે એ ઊપરથી હમો બાઇ શાહેબ મોટલાંબાઇને મજબુત ભલાંમન કરીએ છીએ, કે તેવણે પોતાની જગામાં પોતાને નાંમની તખતી મારવી, કે જેથી આવતી ઓલાદ એ વાતથી જાંણીતી રહે.

વલી પેપરોમાં દેશાઇ એવી ડીંગ મારે છે કે આતશબેહેરાંમની નરીઆં ચરાઇનો ખરચ અને માણસનો પગાર દેશાઇઓ આપે છે. તો હમો કહીએ છીએ કે એ વાત તદન ખોટી છે, આજ દન સુધી નરીઆં ચરાઇ અંજુમનની રાશમાંથી દશતુરજી શાહેબ કરતા આવ્યા છે. અને હાલ જે પેશતનજી આંતીઆ નામનો નોકર છે તેને પગાર મોબેદો તરફથી આપયામાં આવે છે. તે છતાં એ દેશાઈ નોકરને પગાર આપવાની જે ડીંગ મારે છે, તે કેટલે દરજજી ખરી છે, તે વાંચનાંરા શાહેબોની જાણ માટે હમો નીચે પરગટ કરીએ છીએ મેં આગલ જણાવીઉં તેમ, હાલનાં જમાંનાંમાં લોકો તરફથી જેમ જેમ એ દેશાઇનું માંન ઘટતું ગયું, તેમ તેઓ અંજુમનનાં સુલેહે સંપજથી ચાલતા વહીવટમાં માંથું ઘાલવા લાગા. અને એવણનાં કેવા પરમાંણે ઇ. સ. ૧૮૭૯માં એવણ મોટાઇ લેવાને પેહેલા બાહાર પડીઆ, કે જે વખતમાં હાલનાં દશતુરજી શાહેબ દારાબજી માહીઆરજી, પોતાનાં ઘરની ખાંનગી ખતપતમાં પોતાનાં કાકાઓની શાથે પડેલા હતા. તે તકનો લાભ લઇએ દેશાઈ બરજોરજીએ આતશબેહેરાંમનો જુનો નોકર મરણ પાંમવાથી, તેની જગા ઊપર જે નવો માણસ અંજુમને રાખીઓ હતો, તેની પાસેથી સાંમણની કોથરીની જોર જુલમથી કુચી લઇને, તેને પોતાને તાબે રેહેવા કહીઊં. પણ તેણે તેમ કરવાની નાં પાડી, તારે પોતે જુદું માણસ રાખી તેની પાસે દીવા બતી કરાવવા લાગા. કે જેને દર માસે રૂ) ૩)નો દરમાયો મળે છે, તે એ દેશાઇ પોતે આપતા નથી પણ આતશબેહેરાંમમાં શેઠ હોરમજી બરજોરજી કપતાંન જે ચાલું લાઇત કરાવે છે, તેની મેહેનતનાં રૂ) ૨૭) દર વરશ જુદા આપે છે, તે એ માણસને પગારમાં આપે છે. બાકી રૂ) ૯) ઘટેઆ તે લોકો બીજી લાઇટ કરાવે તેની મેહેનતનું જે મળે તેમાંથી એ દેશાઇ આપે છે. એવી રીતે રૂ) ૩૬) દર વરશ એ માણસને આપે છે, તેને માટે એ દેશાઇ એમ કહે છે કે એ પગાર દેશાઇ આપે છે. તો હમો કેહેજીએ છીએ કે એ લાઇતનો હીશાબ અંજુમન આગળ મુકી, પછી એમ બોલો કે એ પગાર હમો હમારી ગાંઠથી આપીએ છીએ.

ઊપર જણાવીઊં તેમ એ દહાડેથી એવણનાં કાકાજી આતશબેહેરાંમ-ની દીવા બતીની દેખરેખ રાખનાંરા થયા. પણ હમો કેહેજીએ છીએ કે હાલ એ દેશાઈ પોતે લાઇત કરે છે, તે તદન હાલ હવાલ છે. આગળા દીવ-વસો ઊપર ઘણી સારી લાઇટ થતી હતી. પણ હાલમાં એજ દેશાઇનાં વ-હીવટમાં હાંદીમાંની લાઇત હાંદીજ જુએ છે. પાછલી રાતનાં ચાર વાગે જો કોઇ આતશબેહેરાંમમાં જાસે, તો બતી બુજાઇ ગએલી હોવાથી તે બચારો અંધારે ચોકડાઇને અફ્દાયા કરશે. તેમજ ઘણી વખત વારાદારે દશતુરજી ની આગળ ફરીઆદ કરેલી કે શાહેબ હજુર સુધી દીવા નથી મુક્યા, ને હમો અંધારે બેસી રહીઆચ. તારે દશતુરજીએ પોતે પોતાનાં ખરચથી દીવા મુકાવેલા છે. આ તે દેશાઇનો સુધો વહીવત ! આ તે દેશાઇની માલકીનો દાર ! વળી કોઇ શખ્શ જાતે પોતે દીવા મુકવા માંગે તેને તો એ દેશાઇ મુકવા દેએ નહીં, કે હમો મુકશું, હમોને પૈસા આપો. એથી ઘ-ણા દીવાઓ જે આગળ મુકાતા હતા તે હાલ બંધ પડયા છે કે જેનો શવાબ એ દેશાઇને પોચે છે. ને વલી કહે છે કે હમારા પુછયા વનાં કોઇથી એક દી-વો પણ મુકાય નહીં !

વલી દેશાઇ પોતાનાં વડીઅલનાં આતશબેહેરાંમ છે, તેની શાબેટીમાં એક દાખલો રજુ કરીને કહે છે, કે બોએ દીધા પછી તંદોરશતીમાં હમારા વડા દેશાઇનું નાંમ લેવાએ છે, અને હમનાં શાથે દશતુરજીનું પણ લેવાએ છે તે તો દેશાઇ જાંમાશજી કે જેવણ દશતુર કેકોબાદજીનાં વેહેવાઇ થાએ તેવણે મરવતને ખાતર લેવાડેલું છે, તેથી આજ શુધી દશતુરજીનું પણ લે-વાએ છે. તો હમો કહીએ છીએ કે દેશાઇનું પણ આગલ નાંમ લેવાતું ન-હીં હતું, પણ જમશેદજી દેશાઇ વડોદરેથી સીક પડીને આવીઆ તારથીજ તેવણનું નાંમ લેવાનો દશતુર કેકોબાદજીએ મોબેદાને હોકમ આપેઓ હ-તો. પણ એની આગમજ કોઇબી દેશાઇ કે દશતુરનું નાંમ લેવાતુ નહીં હતું.

હવે આટલી બધી દાડધાંમ કરવા પછીથી, એ દેશાઇ મુગા બેઠા છે, તેનો શબબ એ બાહાર પાડયો, કે એવણનાં મંચેરજી બાપા એવી નશીઅત કરી ગયા દેખું કે "ભગરશાયનું જેમ બને તેમ ભલું કરજો."

તો કેઠા નશીઅતથી એ ભાઇઓ મુગા બેઠા દેખું ! પણ હમો કહીએ છીએ કે દશાઇ મંચેરજીએ જે નશીઅત પોતાનાં છોકરાઓને દીધી હતી તે જો દશાઈ બરજોરજીનાં છોકરાઓએ ધીઆંનમાં રાખી હતે, તો આવો હીનપશાતી લગાડનાંરો દેખાવ તેઓ કદી કરતે નહીં. કારણ કે દશાઇ મંચેરજી પોતાનાં વશીઅતનાંમાંમાં લખે છે, કે "આપણા બજોરગો તોરાનો બરદાશ કીધી, તે હરવાતે તોલાની દુવાથી રોજી તથા આબરૂ નભે છે, તે મુજબ તમોબી એ તોલાની બરદાશ કરશો તો નાંમદાર થશો ને રોજી આબરૂને પાંમશો એ નશીઅત અમારી યાદ રાખી કાંમ કરજો." આએ નશીઅત ઊપરથી ખોલ્લું માલમ પડે છે, કે દશાઇજીઓની દોલત અને ઇજતનો વધારો તે ભગરશાથ તોલાથીજ થયો હતો, તે છતાં આજનાં એ દશાઇ એ આભાર ભુલી જઇને મોબેદાને નીમખહરાંમ, અને બેમરવત કેહેવા લાગા છે, તો વાંચનાંરા શાહેબો તમોજ એ બાબદનો વીચાર કરો કે નીમખહરાંમી અને બે પરવતાઇ કોણ કરે છે ? દશાઇઓએ મોબેદાને ઊજરા વાજરા કરીઆ નથી, પણ મોબેદાની કુમકથી દશાઇઓ ઊજરા વાજરા થએલા છે. અને આજનાં વખતમાં પણ મોબેદાને હાથથીજ દેશાઇઓ માંન જોઇ શકે છે, બાકી બીજાઓ તો એ શાહેબોને કસી ગણતરીમાં લેખતા નથી. વલી એ દશાઇ જાંને પોતે આંશમાંનમાંથી ઉતરી આવેલાં પ્રાંણી હોય, અને ભગરશાથ મોબેદા તો કસી ગણતરીમાં નહીં હોય, તેમ પોતાના લખાંનોમાં દમાંમ દેખાડે છે પણ દશાઇઓ પોને પણ ભગરીઆજ છે, અને મોબેદાની માફક તેઓ પણ આતશબેહેરાંમમાં બેશી આસોદાદ લેએ છે, તે છતાં લખાનોમાં હમો તો દશાઇ અને એઓ તો મોબેદા એવો અભીમાની ભરેલો વિચાર રાખે છે.

વલી એક બીજી બાબદ કે જેની સાથે અંજુમનને કસી નીશબત નથી, તે વચે લાવીને એવણ પોતાની મોટાઇ દેખાડવા માંગે છે, તે એ છે કે દશાતુરોને હજારોનાં વજીફા અને ઘરો આપીને ઊજરા વાજરા કરેલા છે, તો હવે એની સચાઇ આપણે હીંઆ તપાસીએ.

હમો કબુલ કરીએ છીએ કે હમારા નેક નાંમ અને બેહશત મુકાંમ દશાઇજી શાહેબોએ દશાતુરજીને વજીફા આપેલા છે ખરા, પણ તે કેટલાં વીં-

ગાં અને કેટલી કીમતનાં તે એ દેશાઇ જણાવતા નથી, અને મોંગગાંજ મોટાઇ લેવા માંગે છે, તો હમો જણાવીએ છીએ કે બેવાર મલી તે મરહુમ દેશાઇજી સાહેબોએ ૧૦ વીંગાં વજીફા આપેલો છે અને તે રૂ ૯૦૦)ની કીંમતનો છે. એનું નામ તે હજારોનાં વજીફા ! ! ! અને ઘરોને માટે જે કહે છે તે તો ખાલી તોપ છે.

હવે એ વજીફા પણ સાંમાં આપેલા ? કે એ દેશાઇજી શાહેબનાં વડીઅલ ગુજરેલા, તેવાણનાં ઉઠેનાંમાં તે વખતના વડા દશતુરજીને પોતાનાં સવાબને ખાતર આપેલા છે. પણ એ વજીફા આપીને એ શાહેબો દસતુરો પાસે કેટલું કામ લેએ છે, તે વાત તો લોકોની આગલ બોલતા નથી. દશતુરો એ લોકોને ઘરનાં પંથકી થાએ, અને વરસ દહાડે દોડશોથી ઉપર આફરંગાંન બાજ અને સતુમ ભણે, તેનાં એ લોકો વરસ દહાડે એક કે બે રૂપીઆ આપે. અને વલી કહે છે કે દશતુરોને વજીફા આપેઆ ! પણ વજીફા આપેઆ હોય તેમાં નવાઇ શું કીધી ? કાંરણ કે દશતુરો દેશાઈ ખરશેદજીની છોકરીની ઓલાદથી ઉતરેલા છે, અને એ દેશાઇઓ દેશાઇ ખરશેદજીનાં છોકરાની ઓલાદથી ઉતરેલા છે, તો દેશાઇઓએ શ્રીમંતમાં ખપીને પોતાની ૪૦૦૦) વીંગાં જમીનમાંથી વીંગાં ૧૦) દશતુરોને આપી, તો શુ દેશાઇઓએ પોતાની પુરેપુરી ફરજ બતાવેલી કહેવાસે? વલી **દેશાઈ** એ નાંમ જે એ લોકોએ ધારણ કીધું છે, તે તો દશતુરોની દોલતે છે. એ શાહેબોની મુલ અતક અવાસીઆ છે. પછી સીરવાઇ થાઇ, અને પછી દેશાઇ કેવાવા લાગા, તે દશતુરોની દોલતે, એ વાત એ લોકો સારી તરાંથી જાંણે છે, તોપણ લોકોની આગલ પોતાનો દમાંમ 'દેખાડે છે, કે હમે દશતુરોને ઊજરા વાજરા કરીઆ છે ! વાંચનારા શાહેબોએ જાણવું જોઇએ છે, કે જેમ મોટી માછલી નાંધલી માછલીને ખાતી આવી છે, તેમ દશતુરો અને દેશાઇઓની વચ્ચે થએલું છે. દશતુરોએ એ દેશાઇની મુશકેલીનાં વખતમાં પોતાંનાં ઘરબાર અને જણસો મુકીને, એ શાહેબોની મુશકેલીમાં મોટો ભાગ લીધો છે, તે છતાં આજનાં એ દેશાઇ દશતુરોની સાંમે જે કમર બાંધી ઉભા છે, તે એક ખાંનદાંની માંણસને ન સોભે તેવું છે.

દેશાઇ બરજોરજીનાં છોકરાઓ એ આતશબેહેરાંમ અમારા વડીઆલ દેશાઇ ખુરશેદજીએ પરથેલા છે, એવું બોલી જે માલકી તેઓ લેવા માંગે છે તે કેટલું ખોટું છે, તે પેહેલા ભાગમાં વાંચનારા શાહેબોએ જોયું હશે. પણ આપણે તકરારને ખાતર કબુલ કરીએ, કે એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીએ પરથેલા છે, તોપણ તેની માલકીપણાંનો હક દેશાઇ બરજોરજીનાં છોકરાઓને શીર કેમ ચોતયો તે તેઓ બતાવતા નથી. એવણનાં ૩૫૦) માંણસનાં કુતુંબમાંથી બીજા દેશાઇજી શાહેબોનો નહીં, ને એવણનોજ હક કેવી રીતે પુંગે છે તે તેઓ બતાવતા નથી. હાલના બીજા દેશાઇજી શાહેબો એઓનાં આએ કામથી ઘણા દલગીર છે, અને જાહેરમાં વઠીક એકરાર કરે છે, કે જે છે તે અંજુમનનું છે, તે છતાં એ ભાઇઓ આવી સરજોરી કરીને પોતાનીજ માલકી ઠેડવવા માંગે છે તો કાંઇ સબલ કારણો બતાવવાં જોઇએ. જો એ આતશબેહેરાંમ દેશાઇ ખુરશેદજીની માંલકીનાં ઠડે તો તેનાં ઉપર એ દેશાઇનો હક ૧૨૬)મો પુગે. તે છતાં આખો હક પોતેજ લેવા બાહાર પડયા છે તો તેનાં કાંઇ સબલ કારણો બતાવવાં જોઇએ છે. કારણમાં એજ કે હમોને મોટાઇ જોઇએ છે.

આએ ચોપાંનીઊં સમાપત કરતી વખતે વાંચનારા શાહેબોએ જોયુ હશે, કે પેહેલા ભાગમાં હમોએ જે દલીલો રજુ કરી છે, તે **એ આતશ બેહેરાંમ શાહેબ સમશાત અંજુમને મલી પરથયા** છે એવું બોલ્લું બતાવે છે. અને દેશાઇ બરજોરજીનાં છોકરાઓ તરફથી જે દલીલો રજુ થઇ છે, તે કેટલીક લુલી અને વગર ભરોશાની છે તેપણ વાંચનારા સાહેબો જોઇ ચુકા હશે ; આટલું બોલી આએ ચોપાણીઊં હમો સમાપત કરીએ છીએ.

# વધારો

**પરદા શતો—દેશાઇ બરજોરજીનાં છોકરાઓનો દાવો નાથો. અને આતશબેહેરાંમની માલકી અનજુમનની ઠડી ચુકી.**

જ્યારે આએ હમારૂં ચોપાંનીઉ પ્રેસમાં હતું ત્યારે અનજુમનનાં ઘણાક સાહેબોએ એવો વીચાર કીધો કે, દેશાઇ બરજોરજીનાં છોકરાઓ આતશબેહેરાંમનાં કેટલાક સાંમનનો જે કબજો લઇ બેઠા છે, તે તેઓની પાસેથી તેઓને સમજુત આપીને અને જો ન સમજે તો કાએદેસર ઉપાએ લઇને તે લેવો. એવો વીચાર કરીને અનજુમનનાં આસરે પચીસ માંણસો પેહેલાં કાંમને માંટે એ દેશાઇજીનાં વકીલો—મંનચેરજી એદલજી તથા ફરાંમજી કાવસજી તથા પેસતનજી ખુરશેદજી તથા દોશાભાઇ બહમનજીની પાસે તેઓને ઘર ગયા, અને જણાવીઉં કે દેશાઇ બરજોરજીનાં છોકરાઓ આજ થોડાંક વરસ થાયાં આતશબેહેરાંમનાં કેટલાક સાંમનનો કબજો લઇ બેઠા છે, તે હમાંરા આજ ૧૨૫ વરસથી ચાલતા આવેલા વહીવત પરમાંણે હમાંરે સવાધીન કરાવો. તેનો તે દરેક સાહેબોએ એવો જવાબ દીધો કે હમો બધા ભાઇઓ સાથે મલીને તેનો વીચાર કરીને જવાબ દઇશું. તેજ પ્રમાંણે અનજુમનનાં ઉપલા સાહેબો દેશાઇ બરજોરજીનાં છોકરાઓ પાસે પણ ગયા, અને તેઓ પાસે જે સાંમન હતો તેની માંગણું કીધી, તો તેવણે પણ એવોજ જવાબ દીધો કે હમો હમાંરા બીજા ભાઇઓ સાથે મલીને વીચાર કરીને જવાબ દઇશું. ત્યારપછી ઉપર કહેલા દેશાઇ સાહેબો દેશાઇજી દોશાભાઇ બહમનજીનાં મકાંનમાં એકથા મલેઆ, કે જ્યાં મનચેરજી બરજોરજી પણ હતા. તેવણને બીજા દેશાઇ સાહેબોએ કહયું કે તમાંરા હાથમાં આતશબેહરાંમનાં સાંમનનો જે કબજો છે તે તમો અનજુમનને સવાધીન કરો. પણ તેઓ સમજેઆ નહીં. અને એ આતશબેહેરાંન દેશાઇ ખુરશેદજીની માલકીનાં નથી અને અનજુમનનીજ માલકીનાં છે તે અનજુમન કેમ સાબેત કરે છે તે જાંણવા માંગયું. તેથી તે જગા ઉપર અનજુમનનાં કેટલાએક સાહેબોને બોલાવવાથી નશરવાંનજી કેકોબાદજી દશતુર—રતનજી

ફરાંમજી દાબુ–તથા રૂશતમજી જામાંસજી દશતુર ગયા. તેઓને દેશાઇજી દોશાભાઇએ કહીઊં કે એ આતશબેહેરાંમ અનજુમનની માલકીનાં છે તે વાત દાખલા દલીલોથી મનચેરજી તમાંરી પાસેથી જાંણવા માગે છે. તે તમો બતાવો. ત્યારે ઉપર જણાવેલા ત્રણે ગ્રહસ્થોએ કહીઊં કે તમો કહો છો કે એ આતશબેહેરાંમની માલકી હમાંરી છે અને હમો કહીએ છીએ કે હમાંરી છે. તો પછી તેવી દલીલો તમોને બતાવવામાં ફાયદો શું ? તેથી તમો બે તરાહેત માણસોને બોલાવો અને તેઓની આગલ હમો હમારો પુરાવો મુકીએ અને તમો તમાંરો મુકો અને પછી તે તરાહેત માંણસો જેની માલકી ઠેડવે તે વહીવત ચલાવે. ત્યારે મનચેરજી બરજોરજી દેશાઇ પાછા ફરી ગયા અને કહેવા લાગા કે મને તમાંરો પુરાવો જોવાની કાંઈ જરૂર નથી, મને તો હમારૂં ઘર તપાસવું છે. ત્યારે અનજુમનની તરફવાલા ત્રણે ગ્રહસથોએ કહીઊં કે ત્યારે હમોને બોલાવેઆ શું કામ ? તે ઉપરથી દેશાઇજી દોશાભાઇએ મનચેરજીને ચીરદાઇન કહીઉ કે તમાંરા કહેવાથી એ લોકોને;બોલાવેઆ. મ હવે તમે ફરી જાઓ છો. ત્યારે મનચેરજી ફરીથી કહેવા કહેવા લાગા કે મને તો આપણું ઘર તપાસવું છે. તેથી પેસતનજીભાઇએ બે દીવસ રહીને ચોપરા દેખરાવવા કહયા છે તે જોયા પછીથી વીચાર કરવામાં આવશે. ત્યારે બીજા દેશાઇ સાહેબો બોલેઆ કે મનચેરજી તમો એ હુજત છોડી દેવો અને એ લોકોને ઓરદ્યેની કુંચી આપો. હમાંરી ખાતરી થાએલી છે કે એ અનજુમનનુજ છે. પણ મનચેરજી સમજેઆ નહીં. ત્યારે દેશાઇ ફરાંમજીએ હાથજોરીને ઘણી મીનતજારી કરીને કહયું કે હવે તમો હુજત છોડી દેવો તેમાંજ આપણા મુરબીની સોભા છે. અને તમો કુંચી હમનાંજ એ સાહેબોને આપો. ત્યારે મનચેરજીએ કુંચી પાછલા પોહોરનાં આપવા કહીને ત્યાંથી ઉઠી ગયા. પાછલા પોહોરનાં અનજુમનનાં પાંચ ગ્રહસ્થો દેશાઇ મનચેરજી પાસે ગયા. ત્યારે તેવણે કુંચી ન આપતાં પાછા અનજુમનનાં પુરાવા જોવા માંગેઆ. ત્યારે તે ગ્રહસ્થોએ કહીઉ કે આજે સહવારે તો તમોએ નાં પાડી અને વલી હમનાં પાછા જોવા માંગો છો તો બેતરાહેત માંણસને બોલાવીને તમાંરા અને હમાંરા પણ પુરાવા તેઓની આગલ રજુ કરીએ. અને તેઓ જેની માલકી ઠેરવે તે

વહીવત કરે, પણ તેમ કરવાને નાં પાડી કે ફકત તમાંરાજ પુરાવા મને બતાવો. ત્યારે અનજુમનનાં ગ્રહસ્થોએ કહયું કે તમો એ હુજત છોડી દેવે અને ભરમની મુઠીને ખુલલી નાં કરો તેમાંજ તમાંરા મુરખીઓની સોભા છે. પણ તેઓ કાંઇ સમજેઆ નહીં. અને પોતાની માલકીને મજબુતી આપવા બોલેઆ કે જો એમ હુશે તો હમો હમારા વડીલોને ઠગારા કહેશું, કે તેઓ હમોને ઠગી ગયા. એટલુંજ નહીં પણ દુનીઆંને ઠગી ગયા. ત્યારે અનજુમનનાં ગ્રહસ્થોએ કહીઉ કે તમો આવું બે મલાજે શું કાંમ બોલો છો. ત્યારે પાછા કહેવા લાગા કે હમો સચાઇનાં સાથી છીએ તેથી બોલવાના. શું એક બાપનાં સાત દીકરાઓ હોય તેમાંથી છ નીમકહરાંમ થાએ માંટે હમાંરે પણ થવું જોઇએ ? અનજુમનનાં ગ્રહસ્થોએ જોયું કે એવન તો છેક તરીઆપાવ ઊપર આવી ગીઆ છે ત્યારે તેવણુને કહયું કે તમો હવે હમોને સેવતનો જવાબ આપો, તમો હવે શું કહેવા માંગો છો. ત્યારે કહેવા લાગા કે પેસતનજીભાઇએ બે દીવસ રહીને ચોપરા દખડાવવા કહયા છે તે જોયા વગર હમો કશું કરી શકવાનાં નથી. પણ જયારે દેશાઇ જી સાહેબ પેસતનજીભાઇએ બે દીવસ પછી તે ચોપરા દખારાવવાને માટે મનચેરજીને બોલાવેઆ ત્યારે તાં ગયા નહીં. તેથી એ દેશાઇજીએ પોતાનાં બીજા વડીલો દેશાઇ મનચેરજી એદલજી, ફરાંમજી કાવસજી, દોશાભાઇ બહમનજી વીગેરે ને ચોપડા દખરાંવીને ખાતરી કરી કે **એ આતશબેહેરાંમ સાહેબ સમસત અનજુમન મલી પરથેલા છે.**

વાંચનાંરા સાહેબોએ જાણવું જોઇએ છે કે ઉપલા ચોપરામાં આતશબેહેરાંમ સાહેબ કેવી રીતે પરથવામાં આવેઆ છે, તે કાંમને માટે કોણ કોણે પઇસાની તેમજ જોઇતી ચીજોની શું શું મદદ કરી હતી. તે વીગત વારે નાંમ બનાંમ લખવામાં આવીઉ છે. અને ખુદ ચોપરાનું મથાલુંજ "અનજુમનનાં આતશબેહેરાંમ સાહેબનું ખાતું" એવી રીતે કરવામાં આવેલું છે. ટુંકાંમાં હમો જણાવીએ છીએ કે હમોએ આ ચોપાંનીઆનાં પેહેલા ભાગમાં જે દલીલો રજુ કરી છે. તેનેજ મલતું વીગતવાર લખાંન તેમાં કરવામાં આવેલું છે.

જયારે આ વાતની ખબર ચોમેર ફેલાઇ ગઇ કે દેશાઇજીને તાંનાં ચોપરામાંથી આતશબેરાંમ સાહેબ સમસત અનજુમન મલી પરથેલા છે

એમ નીકલીઉ, ત્યારે દેશાઇ બરજોરજીનાં છોકરાઓની નાસીપાસીનો કંઇ પાર રહયો નહી. અને જ્યારે વારેસ્રા નહીં વરેઆ ત્યારે હારેલા વરીને મુગે મોઢે સાંમનની ઓરદીની કુંચી પોતાનાં વડાભાઇનાં છોકરા ફરાંમરોજ શેઠજીભાઇ દેશાઇ પાસે મોકલાવી આપી.

વાંચનારા સાહેબો હવે તમારી ખાતરી થાસે કે એ દેશાઇજીનાં છોકરાઓનો તરફથી પેપરોમાં એ બાબદ વીશે જે લખાંનો આવતાં હતાં તે સચાઇથી કેટલાં બધાં વેગલાં હતાં? હવે પેલા પુરાવાનાં ચોરા ઉપર ચોરા અને ધગલા ઉપર ધગલા હતા તે કહી બાજુએ ઉડી ગયા? તીખી સુંઠનો સ્વાદ ચખાડવાનાં હતા તે કોણે ચાખેઓ? દેશાઇજી સાહેબ ખુરશેદજીનાં તરફ નીમખહરામ કોણ થાયું? અને છેલ્લે દેશાઇજી સાહેબ ખુરશેદજીની નજદીક શરમીંદે મોહોડે કોણ જાવાનું? તેનું તોલ કરવાનું હમો વાંચનારા સાહેબોનેજ સોંફીએ છીએ.

હવે છેલ્લે હમારા દેશાઇજીનાં કુટુંબનાં જુવાંન નબીરાઓને બે બોલ કહેવાની રજા લઇએ છીએ. એ ખાનદાંનનાં કેટલાક જુવાન નબીરાઓ આ આતશબેહેરાંમની ભાંજગડમાં વચ્ચે પડેલા અનજુમનનાં કેટલાક ગ્રહસ્થો ને ગાળો દઇ બુરૂં બોલે છે, તે એવા વીચારથી કે એ ગ્રહસ્થોની હીલ ચાલથી હમારાં "દેશાઇ"એ નામને જાંખ લાગી છે. પણ તે સાહેબોએ જાણવું જોઇએ છે કે જો આ ભાંજગડથી દેશાઇનાં નામને કંઇ જાંખ લાગી હોય (જો કે હમો તેમ માંનતા નથી) તો તેનો દોશ દેશાઇ બરજોરજીનાં છોકરાઓને શીર છે, નહીં કે અનજુમનને સીર. કારણ કે અનજુમને આએ કાંમમાં જે માંરગ અખતરીઆર કીધો હતો તે દાહાપણ વાલો હતો, અને એ દેશાઇને કોરતની દેવડી વેર જવું નહીં પડીઉ તેનું પણ મુખ્ય કારણ અનજુમને જે ધીરજ અને દાહાપણ વાપડયું હતું તેથીજ, પણ જો એથી ઉલતું જેમ દેશાઇ બરજોરજીનાં છોકરાઓની તરફથી નુસ પેપરોમાં જે ગાલગલોચી ભરેલાં લખાંનો આવેઆં હતાં, તેમ જો અનજુમન તરફથી પણ થયાં હતે તો અલબત સેવત તેનું ઘણું માંથું આવતે, અને ત્યારેજ દેશાઇનાં નામને જાંખ લાગતે, તે છતાં અનજુમનને શીર તેનો દોશ મુકવો એ વાજબી નથી. અનજુમન તો દેશાઇ ખુરશદજીનાં નાંમ ઉ-

પર ફીદા થાએ છે. અને તે બેહેસતી સાહેબના નાંમને અમર રાખવાને માટે તેવણનાં જે કાંમો છે તેજ પુરતાં છેતો પછી આતશબેહેરાંમનાં કાંમની ઉછીની મોહોતાઇ આપીને તે નાંમને વધારે જેબ વંતું કરવાને કશી જરૂર નથી. હમોને મોટી દલગીરી સાથે કહેવું પડે છે કે દેશાઇજી સાહેબ ખુરશેદજીનાં તરફ અનજુમન જેટલાં માંનની નજરથી જુએ છે તેટલાં માંનની નજરથી એ હાલનાં દેશાઇજીઓ જોતા નથી. તે છતાં આલમની આગળ આવો ખાલી ઢોંગ દેખરાવવો એ વાજબી નથી. આ કાંમમાં અનજુમને દેશાઇજી ખુરશેદજીનાં નામને જાંખ લગાડી નથી પણ દેશાઇ બરજોરજીનાં છોકરાઓને જે ફજેતીમાં આવવું પડીઉં છે તે તો તેઓની પોતાનીજ ચાલથી થાયું છે અને તે દુખમાં બીજા દેશાઇજી સાહેબોને ભાગ લેવાની કશી જરૂર નથી.

સમાપ્ત.

